દરરોજ સવારે સુરત થી પ્રસિદ્ધ થતું

TM

RNI No. GUJGUJ/2023/87728

www.mumbaitarang.com

# દૈનિક મુંબઈ તરંગ

વર્ષ - 2 | અંક - 202 | શનિવાર 03 મે 2025 | તંત્રી : દિલીપ નાનજીભાઈ પટેલ | પાનાં 8 | ₹3/-

**આજ નો સુવિચાર**

માર્ગમાં સંકટો નડ્યા તેમાં, દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં રસ છે.

'હા, મેં પણ મારું યુરિન પીધું છે':પરેશ રાવલ બાદ 'આશિકી' એક્ટ્રેસ અનુ અગ્રવાલનો દાવો, કહ્યું- એનાથી ઘડપણ નથી આવતું



## સંક્ષિપ્ત સમાચાર

### મંચ પર વિજયન અને થરૂર બંને બેઠા છે, આજે ઘણાંને ઊંઘ નહીં આવે: કેરળમાં PM મોદીનું નિવેદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી મેના રોજ કેરળના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય પોર્ટનું ઉદ્ઘાટન કર્યું છે. આ કાર્યક્રમમાં મંચ પર શશી થરૂર અને કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન પણ હાજર હતા. આ મુદ્દે પણ વડાપ્રધાને વિપક્ષ પર કટાક્ષ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'અહીં મુખ્યમંત્રી વિજયન પણ બેઠા છે, તે તો INDIA ગઠબંધનનો મજબૂત સ્તંભ છે. શશી થરૂર પણ બેઠા છે. આજનો આ કાર્યક્રમ અનેક લોકોની ઊંઘ ઉડાડી દેશે. જ્યાં આ મેસેજ જવાનો હતો, ત્યાં પહોંચી ગયો છે.'આ દરમિયાન વડાપ્રધાન મોદીએ આદિ શંકરાચાર્ય વિશે વાત કરતાં કહ્યું કે, 'આજે ભગવાન આદિ શંકરાચાર્યજીની જ્યંતિ છે. ત્રણ વર્ષ પૂર્વે સપ્ટેમ્બરમાં મને તેમની જન્મભૂમિમાં જવાનું સૌભાગ્ય મળ્યું હતું. કેરળથી નીકળી દેશના ચારે ખૂણામાં મઠની સ્થાપના કરી આદિ શંકરાચાર્યે જ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરી છે. હું તેમને નમન કરું છું.'

વિઝિંજમ પોર્ટ આશરે રૂ. 8800 કરોડના ખર્ચે તૈયાર થયું છે. તેની ટ્રાન્સશિપમેન્ટ હબ ક્ષમતા આગામી સમયમાં ત્રણ ગણી વધશે.

## 'પહલગામ હુમલાને લઈને મોદી સરકારની નીતિ સ્પષ્ટ નથી', CWC ની બેઠકમાં ખડગેનું મોટું નિવેદન



પહલગામ આતંકવાદી હુમલા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં કોંગ્રેસ કાર્ય સમિતિ (CWC)ની ઈમરજન્સી બેઠક શુક્રવારે સાંજે દિલ્હીમાં યોજાઈ હતી. બેઠકમાં કોંગ્રેસે આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં કેન્દ્રની મોદી સરકારને તમામ શક્ય મદદ કરવાની વાત કરી છે. બેઠકમાં ખડગેએ કહ્યું હતું કે, 'પહલગામ હુમલા પર મોદી સરકારની નીતિ સ્પષ્ટ નથી.' જાતિ આધારિત વસ્તી ગણતરીને લઈને ખડગેએ કહ્યું કે, 'રાહુલ ગાંધીને શુભેચ્છા આપી છે.'

ખડગેએ કહ્યું કે, 'દેશની એકતા અને અખંડતામાં જે અડચણરૂપ બનશે તેના વિરુદ્ધ સૌ સાથે મળીને કડકાઈથી લડીશું. આખુ વિપક્ષ આ મુદ્દે સરકારની સાથે ઉભું છે. આ સાથે ખડગેએ આરોપ લગાવ્યો છે કે પહલગામ હુમલા બાદ પણ મોદી સરકાર તરફથી કોઈ સ્પષ્ટ રણનીતિ સામે આવી નથી. રાહુલ ગાંધીએ કાનપુરમાં શુભમ દ્વિવેદીના પરિવારજનો સાથે મુલાકાત કરી છે.

## રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી, નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટે ફટકારી નોટિસ



દિલ્હીની એક કોર્ટે નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ મામલે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નોટિસ ફટકારી છે.

અગાઉ દિલ્હીની રાઉઝ એવેન્યૂ કોર્ટે 25 એપ્રિલે આ મામલે થયેલી સુનાવણીમાં બંને નેતાને નોટિસ ફટકારવાનો ઈનકાર કર્યો હતો. પરંતુ આજે સુનાવણી દરમિયાન નોટિસ જાહેર કરી છે. આગામી સુનાવણી આઠ મેના રોજ થશે.

કોર્ટે કહ્યું કે, ચાર્જશીટને ધ્યાનમાં લેતાં આરોપીઓનો પક્ષ સાંભળવાનો અધિકાર છીનવી શકાય નહીં. આ મામલાની સુનાવણી આઠ મેના રોજ થશે. ચાર્જશીટમાં પ્રસ્તાવિત આરોપીઓનો પક્ષ રજૂ કરવા માટે સુનાવણીનો અધિકાર છે.

નિષ્પક્ષ સુનાવણી સુનિશ્ચિત કરવા માટે તે જરૂરી છે.

નેશનલ હેરાલ્ડ કેસમાં અગાઉ EDએ મની લોન્ડરિંગ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને મની લોન્ડરિંગ કેસમાં આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતાં. EDએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સામ પિત્રોડા, સુમન દુબે સહિત ઘણા નેતાઓના નામ પણ સામેલ છે.

શું છે નેશનલ હેરાલ્ડ કેસ?

નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના 1938માં ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કરવામાં આવી હતી. તે સ્વતંત્રતા સંગ્રામનું પ્રતીક હતું, તે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ એટલે કે AJL દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. 2008માં નાણાકીય કટોકટી પછી આ અખબાર બંધ થઈ ગયું હતું અને અહીંથી આ વિવાદ શરૂ થયો હતો.

2010માં, યંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (YIL) નામની એક કંપનીની રચના કરવામાં આવી, જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો 38-38% હિસ્સો છે. આ કેસમાં, ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ 2012માં આરોપ મૂક્યો હતો કે YIL એ AJLની 2000 કરોડ રૂપિયાથી વધુની મિલકતો માત્ર 50 લાખ રૂપિયામાં હસ્તગત કરી હતી. તેમની વિરૂદ્ધ છેતરપિંડી અને મની લોન્ડરિંગનો કેસ કરવાની માગ કરી હતી.

## ઉત્તર ભારતમાં મેઘરાજાનો કહેર, દિલ્હી-NCRમાં વૃક્ષો ધરાશાયી, વીજળી ગુલ, સાત લોકોના મોત

ઉત્તર ભારતના અનેક ભાગોમાં શુક્રવારે સવારે ભારે વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે સાત લોકોના મોત થયા હતા. દિલ્હી અને એનસીઆરમાં વાવાઝોડા અને વરસાદને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો પડી ગયા હતા. અનેક સ્થળે ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો અને ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ ઉપરાંત રાજધાનીમાં અનેક ફ્લાઈટો મોડી પડી રહી છે.

દિલ્હીમાં મકાન ધરાશાયી, ચારના મોત

શુક્રવારે સવારે દિલ્હીમાં ધૂળ અને ભારે પવન સાથે ત્રણ કલાક સુધી વરસાદ પડ્યો હતો, જેમાં અનેક ઠેકાણે ટ્રાફિક જામની સ્થિતિ અને ફ્લાઈટો મોડી પડી રહી છે. દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ અને મથુરામાં વ્યસ્ત રહેતા રસ્તાઓ જળમગ્ન થઈ ગયા છે. તો અનેક જગ્યાઓ પર વૃક્ષો પણ ધરાશાયીની ઘટનાઓ બની છે. નફજગઢ વિસ્તારમાં એક મકાન ધરાશાયી થતા 28 વર્ષિય મહિલા અને ત્રણ બાળકોના મોત થયા છે. મૂશળધાર વરસાદ અને ભારે પવનના કારણે રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી




આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર 200થી વધુ ફ્લાઈટોના સંચાલનમાં વિલંબ થયો છે.ઉત્તર પ્રદેશમાં વીજળી ત્રાટકતા ત્રણના મોત

મેઘરાજાએ ઉત્તર પ્રદેશમાં પણ ધડબડાટી બોલાવી અનેક રસ્તાઓ જળમગ્ન કરી દીધા છે. રાજ્યમાં વીજળી પડવાની જુદી જુદી ઘટનાઓમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ફિરોઝાબાદમાં મનરેગા હેઠળ કામ કરતા બે મજૂરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એટા જિલ્લામાં વીજળી પડવાથી 17 વર્ષની દિક્ષાનું મોત થયું છે, જ્યારે તેની નાની બહેન, પિતા અને ભાઈ પણ ઈજાગ્રસ્ત થયા છે.

મેઘરાજાએ ઉત્તર પ્રદેશમાં પણ ધડબડાટી બોલાવી અનેક રસ્તાઓ જળમગ્ન કરી દીધા છે. રાજ્યમાં વીજળી પડવાની જુદી જુદી ઘટનાઓમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ફિરોઝાબાદમાં મનરેગા હેઠળ કામ કરતા બે મજૂરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એટા જિલ્લામાં વીજળી પડવાથી 17 વર્ષની દિક્ષાનું મોત થયું છે, જ્યારે તેની નાની બહેન, પિતા અને ભાઈ પણ ઈજાગ્રસ્ત થયા છે.

હવામાન વિભાગે 3 અને 4 મેના રોજ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન 30-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. IMDએ લોકોને સતર્ક રહેવા અને સાવચેતી રાખવાની સલાહ આપી છે.

## કેદારનાથ ધામ મંદિરની જાણો ગાથા, પાંડવો અને નર-નારાયણ સાથે જોડાયેલો છે ઈતિહાસ

કેદારનાથ ભારત દેશના ઉત્તરભાગમાં આવેલા ઉત્તરાખંડ રાજ્યમાં રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલું છે, બાર જ્યોર્તિલિંગો પૈકીનું એક શ્રી કેદારનાથ મંદિર પ્રખ્યાત છે. હિમાલય ક્ષેત્રમાં આવેલું કેદારનાથ ધામ લગભગ 6 મહિના બંધ રહે છે અને ઉનાળામાં ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવે છે. આજે શુક્રવાર, 2 મે 2025ના રોજ સવારે 7:00 વાગ્યે વિધિપૂર્વક વિધિ સાથે ભગવાન કેદારનાથ ધામના દરવાજા સામાન્ય ભક્તોના દર્શન માટે ખોલવામાં આવ્યા છે. આજે પહેલા જ દિવસે મોટી સંખ્યામાં ભક્તો બાબા કેદારનાથ તેમજ અખંડ જ્યોતના દર્શન માટે ઉમટી પડ્યા હતા. ભગવાન શિવજીના આ ધામનો ઈતિહાસ ભગવાન વિષ્ણુના અવતાર નર-નારાયણ, પાંડવો અને આદિગુરુ શંકરાચાર્ય સાથે જોડાયેલો છે. આવો કેદારનાથ ધામ સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો જાણીએ...

કેદારનાથ ધામ અંગે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. શિવપુરાણના કોટિરુદ્ર સંહિતામાં લખ્યું છે કે, પ્રાચીન સમયમાં બદરીવનમાં ભગવાન વિષ્ણુના અવતાર નર-નારાયણ પાર્થિવ શિવલિંગ બનાવીને દરરોજ તેની પૂજા કરતાં હતા. નર-નારાયણની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અહીં પ્રગટ થઈને શિવે નર-નારાયણને વરદાન માંગવા કહ્યું હતું.

## 1193 લાખના વિવિધ વિકાસકાર્યોના ભવ્ય ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જનમેળો,લોકો બહોળી સંખ્યામા જોડાયા

### શ્રી વેકરીયાની અમરેલી શહેરના વિકાસ કામો બાબતે જબરદસ્ત બેટિંગ

### રોડ રસ્તા,આરોગ્ય,શિક્ષણ, પ્રવાસન તેમજ પર્યાવરણ સહિતના વિવિધ પ્રકલ્પોનો સમાવેશ






અમરેલી શહેરના સર્વાંગી વિકાસના દિશામાં આજે ઐતિહાસિક દિવસ તરીકે નોંધાયો, જેમાં કુલ રૂ. ૧૧૯૩ લાખના વિવિધ વિકાસપ્રોજેક્ટના ખાતમુહૂર્ત સાથે અનેક લાભદાયી યોજનાઓનો આરંભ કરવામાં આવ્યો.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્ન સમાન અમૃત સરોવર અને જળક્રાંતિ અભિયાન અંતર્ગત, કૈલાશ મુક્તિધામ નજીક આવેલ રોકડિયા સરોવરનું પુનઃનિર્માણ કરીને તેને મીની રીવરફ્રન્ટમાં રૂપાંતરિત કરવાની ભવ્ય યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ મશાલ સમાન વિકાસયોજનાથી વિસ્તારના લોકોના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સુંદરતાની નર્મદા વહેવા માટે શ્રેષ્ઠ પહેલ ગણાઇ રહી છે.

આ પ્રસંગે મુક્તિધામ ખાતે ગેસ આધારિત સ્મશાન ભઠ્ઠી તથા છાયા શેડના નિર્માણ કામ, તેમજ કેરીયા રોડ પાસે ભોજલપરા પ્રાથમિક શાળાની આસપાસના એપ્રોચ રોડના વિકાસ કાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.શહેરના વિવિધ વિસ્તારોમાં વધુ સુવિધાઓ આપવા દિશાએ પાણીની પાઈપલાઇન નેટવર્ક, સીસી રોડ, પંપ હાઉસ રિનોવેશન, અંડરગ્રાઉન્ડ સંપ તથા યુરીનલ બ્લોક જેવી અનિવાર્ય સેવાઓના અભૂતપૂર્વ કામો પણ આ પેકેજમાં સામેલ છે.આ ભવ્ય કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક તથા અમરેલીના લોકલાડીલા ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા, લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, પીપી સોજીત્રા સહિત શહેર ભાજપના અગ્રણીઓ, નગરપાલિકા સદસ્યો અને અનેક કાર્યકરો તથા નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પોતાના સંબોધનમાં કહ્યું કે, "આવતી કાલનું સ્માર્ટ અમરેલી આજે આ ખાતમુહૂર્ત સાથે ઘડી રહ્યું છે. શહેરને સુવિધાસભર અને પ્રાકૃતિક રીતે આકર્ષક બનાવવાના ઉદ્દેશ સાથે દરેક કામ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરાશે."આ સમગ્ર કાર્યક્રમ શહેરના સર્વાંગી વિકાસની દિશામાં એક મજબૂત અને આશાવાદી પગલું સાબિત થશે તેવું સાંસ્કૃતિક અને સામાજિક વર્તુળોમાં મનાય છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

## ધર્મ પરિવર્તન કરતા અનુસૂચિત જાતિનો દરજ્જો પણ સમાપ્ત થઇ જાય...' હાઈકોર્ટનો મોટો ચુકાદો

આંધ્ર પ્રદેશની હાઈકોર્ટે એક કેસમા સુનાવણી કરતાં અનુસૂચિત જાતિ સમુદાયના લોકોના ધર્મ પરિવર્તનને લઈને મોટુ નિવેદન આપ્યું છે. કોર્ટે કહ્યુ કે, જો કોઈ અનુસૂચિત જાતિનો વ્યક્તિ ધર્મ પરિવર્તન કરી લે છે, તો તેનો SC નો દરજ્જો પણ ખતમ થઈ જાય છે. એટલે કે તે અનુસૂચિત જાતિ તથા જનજાતિ અધિનિયમ હેઠળ તે સંરક્ષણનો દાવો કરી શકતો નથી. ખ્રિસ્તી ધર્મ જાતિ વ્યવસ્થાને માન્યતા આપતો નથી

હાઈકોર્ટની સિંગલ બેન્ચ પર જસ્ટિસ હરિનાથે ગુંટૂર જિલ્લાના રહેવાસી અકલ્લા રામી નામના વ્યક્તિની અરજી પર સુનાવણી કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. અકલ્લા પર આરોપ હતો કે, હિન્દુમાંથી ઈસાઈ (ખ્રિસ્તી) બનેલા એક ચિંતાદા નામના વ્યક્તિને જાતિ સંબંધિત અપશબ્દો બોલી હતી. અકલ્લાના વકીલે કોર્ટમાં દાવો કર્યો હતો કે, ચિંતાદાના દાવો કર્યો છે કે, તેણે દસ વર્ષ પહેલા પોતાની મરજીથી ધર્મ પરિવર્તન કર્યુ હતું. હવે જ્યારે ખ્રિસ્તી ધર્મ જાતિ વ્યવસ્થાને માન્યતા આપતો નથી, તો પછી SC-ST કાયદાનો કોઈ અર્થ નથી.



જસ્ટિસ હરિનાથે કહ્યું કે જ્યારે ચિંતાદા પોતે કહી રહ્યા છે કે તેઓ છેલ્લા 10 વર્ષથી ખ્રિસ્તી ધર્મનું પાલન કરી રહ્યા છે, તો પોલીસે આરોપીઓ સામે SC ST એક્ટ હેઠળ કેસ દાખલ ન કરવો જોઈતો હતો. ન્યાયાધીશ હરિનાથે અક્કલાના વકીલની દલીલ સ્વીકારી અને કહ્યું કે SC-ST કાયદો તે સમુદાયોના વ્યક્તિઓના રક્ષણ માટે છે, ધર્મ પરિવર્તન કરનારા લોકો માટે નહીં. એ પછી જસ્ટિસ હરિનાથે આરોપી સામેનો કેસ ફગાવી દીધો.ઉલ્લેખનીય કે, અનુસૂચિત જાતિ અધિનિયમ 1950 મુજબ, ભારતમાં જન્મેલા ધર્મોના અનુસૂચિત જાતિ સમુદાયો (હિન્દુ, શીખ, બૌદ્ધ) ને જ બંધારણમાં માન્યતા આપવામાં આવી છે. જો કોઈ આ ધર્મોનો હોય તો તેને અનુસૂચિત જાતિમાં ગણવામાં આવશે. તેમજ જો કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મ અપનાવે છે, તો તેનો આ દરજ્જો નાબૂદ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે 2022 માં સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું પણ દાખલ કર્યું હતું કે, આવા લોકોને અનામત આપી શકાતી નથી, કારણ કે તેઓ આ ધર્મ ફક્ત એટલા માટે અપનાવે છે જેથી તેમને અસ્પૃશ્યતાનો સામનો ન કરવો પડે.

સુપ્રીમ કોર્ટે પણ થોડા સમય પહેલા આ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, જો કોઈ ખ્રિસ્તી કે મુસ્લિમ વ્યક્તિ ફક્ત અનામતનો લાભ મેળવવા માટે પોતાનો ધર્મ બદલે છે, તો તે બંધારણ સાથે વિશ્વાસઘાત હશે.

## તંત્રી લેખ



### કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં મોટા ફેરફાર કર્યા

નવીદિલ્હી : પહેલગામ હુમલા પછી જાગૃત થયેલી કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં મોટા પાયે સાફસુફી કરી છે. રોના ભૂતપૂર્વ વડા આલોક જોશીની નિમણૂક બોર્ડના પ્રમુખ તરીકે કરવામાં આવી છે. બોર્ડમાં બીજા છ સભ્યની વરણી પણ થઈ છે. ભૂતપૂર્વ વાયુ કમાન્ડર એર માર્શલ પી એમ સિંહા, ભૂતપૂર્વ સેના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ અને રીયર એડમિરલ મોન્ટી ખન્નાનો સમાવેશ પણ બોર્ડમાં કરવામાં આવ્યો છે. પહેલગામ હુમલા પછી નરેન્દ્ર મોદીના ઘરે બોલાવવામાં આવેલી સીસીએસની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આલોક જોશી રોના વડા હતા ત્યારે એમની કામગીરી ઉત્તમ રહી હતી. ઈન્ટેલિજન્સ મામલે તેઓ નિષ્ણાત ગણાય છે. તેઓ જ્યારે રોમાં હતા ત્યારે એમણે કેટલાક અગત્યના ખાનગી ઓપરેશનોની આગેવાની લીધી હતી. પહેલગામ આતંકવાદી હુમલા મુદ્દે સરકાર ઉચ્ચસ્તરીયે કેટલીક બેઠકો કરી રહી છે. વિપક્ષે જાહેર કર્યું છે કે તેઓ સરકારની સાથે છે. એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવારે પણ સરકારને ટેકો આપ્યો છે. પવારે કહ્યું છે કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના સાથીઓ જે પગલાં લેશે એને અમારુ સમર્થન છે.' આ મામલે ધર્મ, જાતિ કે ભાષાને વચ્ચે લાવવા જોઈએ નહીં.' પહેલગામ મુદ્દે કોંગ્રેસે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગણી કરી છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ વડાપ્રધાનને પત્ર લખીને પહેલગામ મુદ્દે ચર્ચા કરવા માટે સંસદનું સત્ર બોલાવવા માંગણી કરી છે. આ બાબતે શરદ પવારે કહ્યું છે કે, સંસદનું વિશેષસત્ર બોલાવવાની કોંગ્રેસની માંગણી સાથે હું સહમત છું. બિહારમાં ભાજપના નેતાઓ આરજેડીમાં જોડાયા ભાજપ સહિત બીજા પક્ષોના કેટલાક મોટા નેતાઓ તેજસ્વી યાદવની હાજરીમાં આરજેડીમાં જોડાયા થયા છે. રંજના શાહુ, નરેન્દ્ર શાહુ, અરૂણ ગુપ્તા પોતાના સેંકડો કાર્યકર્તાઓ સાથે આરજેડીમાં જોડાયા છે. આરજેડીના પ્રવક્તા એઝાઝ અહમદના જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રીય પ્રગતિ પાર્ટીના અમરકાંત શાહુ પોતાના સમર્થકો સાથે આરજેડીમાં જોડાયા છે. તેજસ્વી યાદવ વિધાનસભાની ચૂંટણીની તૈયારી જોરશોરથી કરી રહ્યા છે. તેજસ્વી યાદવ બિહારના વેપારીઓને મળ્યા હતા. એમણે વેપારીઓને વિનંતી કરી હતી કે તેઓ સરકાર બનાવવા માટે આરજેડીને સહકાર આપે. આરજેડી એમને ભયમુક્ત વાતાવરણ આપશે. ૧૭ મહિનાની મહાગઠબંધનની સરકાર દરમિયાન એમણે વેપારીઓને પ્રગતિ કરવાનો મોકો આપ્યો હતો જેને કારણે બિહારમાં ૫૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થયું હતું. 'આર્મીને છૂટો દોર આપીને સરકાર જવાબદારીમાંથી છટકી રહી છે' શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના બહુબોલકા સાંસદ સંજય રાઉતે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા છે. એમણે કહ્યું છે કે, સરકાર સેનાને છૂટો દોર આપવાની વાત કહીને પોતાની જવાબદારીમાંથી બચવાની કોશિષ કરી રહી છે. કાશ્મીરમાં આર્મીને ફ્રી હેન્ડ તો અગાઉથી આપવામાં આવ્યો જ છે આમ છતાં આતંકવાદી હુમલો થયો. આનો મતલબ એમ છે કે સેના પર બધુ છોડી દેવાથી તકલીફ ઓછી થવાની નથી. આર્મી પર બધુ છોડીને તમે જવાબદારીમાંથી છટકી શકો નહીં. રાઉતે ટોણો મારતા કહ્યું છે કે, 'પુલવામાં હુમલાને સાત વર્ષ થઈ ગયા છે.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# દોલત તમારો દરવાજો ખટખટાવશે:તમે પણ ધનવાન બનવાની પાત્રતા ધરાવો છો; શ્રીમંત હોવું 'નસીબ'ની નહીં 'વિચાર'ની વાત છે





PANKAJ B DOBARIYA

શું તમે ક્યારેય પોતાને પૂછ્યું છે - શું ધનવાન હોવું ખોટું છે? શું સંપત્તિ ફક્ત ભાગ્યશાળી લોકોને જ મળે છે? જો તમે પણ આવું જ વિચારો છો, તો કદાચ તમારા વિચારોની સારવાર કરવાનો સમય આવી ગયો છે.ડૉ. જોસેફ મર્ફીના પુસ્તક 'બીઈંગ રિચ ઈઝ યોર રાઈટ' માં કહેવામાં આવ્યું છે કે, સંપત્તિ, ગરીબી કે બીજું કંઈપણ આપણા મનમાંથી શરૂ થાય છે.

આપણે આપણા ભવિષ્ય વિશે જે કંઈ પણ વિચારીએ છીએ, તે બધું કુદરત સમક્ષ એક અભિવ્યક્તિ બની જાય છે. તેથી, તમારા ભવિષ્યની કલ્પના કરતી વખતે, તમારે હંમેશા સારું અને સકારાત્મક વિચારવું જોઈએ. જો તમે પૈસા વિશે વિચારી રહ્યા છો તો વિચારો કે તમે ખૂબ જ સક્ષમ અને ધનવાન વ્યક્તિ છો.આ ફક્ત એક પુસ્તક નથી પણ એક અરીસો છે - જે આપણને આપણા પોતાના વિચારોમાં છુપાયેલા સંપત્તિના દરવાજા બતાવે છે.' બૂક રિવ્યૂ ' આ કોલમમાં, દર અઠવાડિયે અમે તમને એક એવા પુસ્તક વિશે જણાવીશું જેણે લાખો લોકોના જીવન બદલી નાખ્યા છે. આ પુસ્તકનો અત્યાર સુધીમાં 30 થી વધુ ભાષાઓમાં અનુવાદ થયો છે અને તેણે લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે.

તેનો હિન્દી અનુવાદ ફિંગરપ્રિન્ટ હિન્દી પ્રકાશનમાં ઉપલબ્ધ છે.જ્યારે સંપત્તિને પાપ માનવામાં આવતું હતું...20મી સદીના મધ્યમાં, અમેરિકામાં એવી માન્યતા હતી કે 'ખરા અર્થમાં ધાર્મિક વ્યક્તિ તે છે જે સરળ, ગરીબ અને સંતોષી હોય.' તે યુગમાં, ડૉ. જોસેફ મર્ફીએ લોકોના મનને હચમચાવી દીધા અને કહ્યું, 'પૈસાથી ડરશો નહીં, તેને સ્વીકારો - કારણ કે તે તમને સેવા, આદર અને દરેક પ્રકારની આઝાદી આપે છે.'પુસ્તકનો મૂળ સંદેશ શું છે?પુસ્તકનો મૂળ સંદેશ એ છે કે, દરેક માનવીને સુખી અને સમૃદ્ધ જીવન જીવવાનો સંપૂર્ણ અધિકાર છે. પૈસા ફક્ત જરૂરિયાત નથી, પણ તમારાં સપનાં પૂરાં કરવાનું સાધન છે. જોકે, આનો અર્થ એ નથી કે તમે લોભી બનો અથવા બીજાના હકો છીનવી લો, બલ્કે પ્રામાણિકતા અને સમજદારીપૂર્વક પૈસા કમાવવાનો તમારો અધિકાર છે. આ પુસ્તક શીખવે છે કે યોગ્ય વિચારસરણી, યોગ્ય વલણ અને સખત મહેનતથી, કોઈપણ વ્યક્તિ સંપત્તિ તરફ આગળ વધી શકે છે, જો તે પહેલા પોતાને તેના માટે લાયક માને તો. આ વિચાર કેવી રીતે ઉદ્ભવશે, ગ્રાફિક જુઓ-મનની તિજોરીનું લોજિક શું છે?ડૉ. મર્ફી કહે છે કે આપણું મગજ એક તિજોરી જેવું છે - તમે જે કંઈ પણ તિજોરીમાં રાખશો, તે તમને પાછું મળશે. તેવી જ રીતે, તમે તમારા મનમાં જે પણ વિચારો છો, તમને તે જ પ્રકારનું જીવન મળે છે.જો તમે હંમેશા એવું વિચારો છો કે




પૈસાની અછત છે, તો વાસ્તવમાં પૈસાની અછત રહેશે. પરંતુ જો તમે તમારા મનમાં સમૃદ્ધિ અને પ્રગતિના વિચારો રાખશો, તો જીવન પણ એ જ માર્ગ પર આગળ વધશે. તેથી, પૈસા અંગે તમારા વિચારો, શબ્દો અને લાગણીઓમાં બધું જ સકારાત્મક બનાવવું જરૂરી છે.બધા પરિવર્તન પહેલા મનમાં થાય છેદરેક પરિવર્તન મનથી શરૂ થાય છે.

જ્યાં સુધી આપણે આપણી વિચારસરણી નહીં બદલીએ, ત્યાં સુધી આપણા જીવનમાં કંઈ બદલાશે નહીં. જો તમે ધનવાન બનવા માગતા હો, તો પહેલા તમારા મનમાંથી આ ડર કાઢી નાખો કે પૈસા ફક્ત ભાગ્યશાળી લોકોને જ મળે છે. જ્યારે તમે મનમાં પોતાને સક્ષમ અને લાયક માનવા લાગશો, ત્યારે જ તમને તકો મળવાનું શરૂ થશે. તેથી, પહેલા તમારા વિચારો બદલો, પછી જીવન આપમેળે બદલાઈ જશે.વિચારો, પરિવર્તન મનથી શરૂ થાય છે. એવું વિચારીને કે ધનવાન બનવું એ તમારો અધિકાર છે.પુસ્તક વાંચવાથી તમારા વિચારો બદલાઈ જાય છેશું તમને ક્યારેય એવું લાગ્યું છે કે વધુ પૈસાની ઈચ્છા રાખવી ખોટી છે? કે પછી તમારા મનમાં એવો વિચાર આવ્યો છે કે ધનવાન લોકો કંઈક ખોટું કરી રહ્યા હશે?જો હા, તો આ પુસ્તક તમારા માટે દવા જેવું કામ કરશે. તે પહેલા મનમાંથી ગરીબી દૂર કરે છે અને પછી વિચારસરણીમાં પરિવર્તન લાવે છે.

જ્યારે તમારા વિચારો બદલાશે, ત્યારે જ તમારું જીવન બદલાશે. આ પુસ્તક શીખવે છે કે પૈસા ખરાબ વસ્તુ નથી, ફક્ત તેના પ્રત્યે યોગ્ય દૃષ્ટિકોણ રાખવાની જરૂર છે.આ પુસ્તક શું શીખવે છે?૧. ધનવાન બનવું એ ગુનો નથી, એ તમારો અધિકાર છે.આપણામાંના ઘણા લોકો એવું વિચારે છે કે 'આપણે ઓછા પૈસામાં કામ ચલાવી શકીએ છીએ', પરંતુ સત્ય એ છે કે સારું ભોજન, સારું ઘર, બાળકો માટે સારું શિક્ષણ - આ બધા તમારા અધિકારો છે ગરીબ હોવું એ મહાનતા નથી.2. સંપત્તિ ખિસ્સાથી નહીં, પણ વિચારસરણીથી શરૂ થાય છે.જો તમે હંમેશા એવું વિચારતા રહેશો કે 'મારા નિયંત્રણમાં નથી', 'બધું ફક્ત અમીરોને મળે છે' - તો પરિસ્થિતિ એવી જ રહેશે. પરંતુ વિચાર બદલાતાંની સાથે જ રસ્તાઓ આપમેળે બનવા લાગે છે.૩. પૈસાની ઈચ્છા લોભ નથી, જવાબદારી છેજ્યારે તમારી પાસે પૈસા હશે, ત્યારે તમે તમારા બાળકોને સારું જીવન આપી શકશો, તમારા બીમાર માતાપિતાની સેવા કરી શકશો અને જરૂરિયાતમંદોને મદદ કરી શકશો. તો પોતાને એવું ન કહો કે 'પૈસા વિશે વિચારવું સ્વાર્થી છે' - આ વિચારસરણી પોતે જ બદલવી પડશે.૪. પૈસા ખરાબ નથી, વલણ ખોટું છેપૈસા પોતે ખરાબ નથી. તે ફક્ત એક સાધન છે. જો તમારી પાસે પૈસા હશે, તો તમે કોઈની ફી ચૂકવી શકશો, કોઈને નોકરી આપી શકશો અને કોઈનું જીવન બદલી શકશો. જ્યારે આપણે તેનો ખોટા હેતુઓ માટે ઉપયોગ કરીએ છીએ ત્યારે તે ખોટું બને છે. પૈસા કમાવવાની શક્તિ તમારી અંદર છે.ઘણીવાર આપણે વિચારીએ છીએ કે 'મારી પાસે કોઈ મોટી તક નથી' અથવા 'હું પૂરતો સક્ષમ નથી' - પણ પોતાના પર વિશ્વાસ કરો, પૈસા પહેલા આપણી અંદરથી આવે છે, એટલે કે આપણા વિચારોમાંથી.

# શું તમારું બાળક પણ મોબાઈલ વિના જમતું નથી?:ટૉડલરનો વિકાસ રૂંધાઈ શકે છે, આ ટેવને છોડાવવા પેરેન્ટિંગ સાઈકોલોજિસ્ટના 5 સૂચનો અનુસરો




પ્રશ્ન- હું આગ્રાથી છું. હું અને મારી પત્ની બંને કોર્પોરેટ નોકરી કરીએ છીએ. મારી 14 મહિનાની દીકરી છે, જે દિવસમાં 10 કલાક તેની આયા સાથે રહે છે. મારી દીકરીને અત્યારથી મોબાઈલની લત લાગી ગઈ છે. તે મોબાઈલ જોયા વિના કંઈ ખાતી-પીતી નથી.

જન્મ સમયે તે સંપૂર્ણપણે સ્વસ્થ હતી પરંતુ હવે ડૉક્ટર કહે છે કે, વિકાસના તબક્કા દરમિયાન તેની આંખો પર ખરાબ અસર થઈ રહી છે. અમે ખૂબ ચિંતિત છીએ. આવી સ્થિતિમાં તેની આંખો અને મગજને સ્વસ્થ રાખવા માટે અમારે શું કરવું જોઈએ?નિષ્ણાતઃ રિદ્ધિ દોશી પટેલ, ચાઈલ્ડ એન્ડ પેરેન્ટિંગ સાઈકોલોજિસ્ટ, મુંબઈજવાબ- હું તમારી સમસ્યા સમજી શકું છું. કોર્પોરેટ લાઈફમાં એટલી બધી દોડધામ હોય છે કે, બાળક (ટૉડલર) પર ધ્યાન આપવું મુશ્કેલ બની જાય છે. આ મોબાઈલે તો લોકોની ઊંઘ અને શાંતિ છીનવી લીધી છે. તમારી 14 મહિનાની દીકરીને તેની ટેવ પડી ગઈ છે, આ થોડો ચિંતાનો વિષય છે.ઉપરાંત ડોક્ટર પણ આંખો પર થતી અસર વિશે વાત કરી રહ્યા છે, તેથી ચિંતા થોડી વધી ગઈ હશે. એ બિલકુલ સાચી વાત છે કે આ ઉંમરે બાળકોની આંખો અને મગજ ખૂબ જ નાજુક હોય છે. તેવામાં સ્ક્રીનનો વધુ પડતો ઉપયોગ નુકસાનકારક બની શકે છે. જોકે, આ ચિંતા ફક્ત તમારી નથી. ઘણાં માતા-પિતા આ સમસ્યાથી પીડાય છે.માર્ચ 2023માં નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, છેલ્લા બે દાયકામાં 0-2 વર્ષની વયના બાળકો માટે સ્ક્રીન ટાઈમ બમણો થયો છે. જેનાથી તેમની આંખ સંબંધિત સમસ્યાઓ, અનિદ્રા, મેદસ્વિતા સહિત ઘણી શારીરિક અને માનસિક સમસ્યાઓનું જોખમ વધી જાય છે.જ્યારે સપ્ટેમ્બર 2023માં 'જર્નલ ઓફ એશિયન ડેવલપમેન્ટ સ્ટડીઝ'માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, લાંબા સમય સુધી ફોનમાં જોવાથી બાળકોમાં વર્તણૂકીય ફેરફારો થાય છે. આવા બાળકો સમાજમાં ઝડપથી ભળી શકતા નથી. તેઓ ઝડપથી બોલતા શીખી શકતા નથી. તેઓ પોતાના વિચારો યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા નથી. તેને કોઈ કામમાં રસ નથી. ઉપરાંત બાળકો શારીરિક રીતે પણ નબળા બને છે. આ અંગે કેટલાક અન્ય અભ્યાસો પણ કરવામાં આવ્યા છે.સૌ પ્રથમ, તમારી ટેવ બદલોહવે પ્રશ્ન એ થાય છે કે, આવું કેમ થઈ રહ્યું છે? શું માતા-પિતા વધુ પડતા સ્ક્રીન ટાઈમના નુકસાનથી વાકેફ નથી? એવું બિલકુલ નથી. દરેક માતા-પિતા જાણે છે કે, સ્ક્રીન ટાઈમ બાળકોને નુકસાન પહોંચાડે છે. તમે પણ જાણો છો, તેથી જ તમે આ પ્રશ્ન પૂછી રહ્યા છો પરંતુ સમસ્યા એ છે કે માહિતી હોવા છતાં પણ આવું થઈ રહ્યું છે. આ એટલા માટે છે કારણ કે તમે ખૂબ વ્યસ્ત છો. તમારી પાસે દીકરીને આપવા માટે સમય નથી. દીકરી મોટાભાગે બીજા કોઈ સાથે રહે છે.તેવામાં એ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે, દીકરીનો ઉછેર કરનારા લોકો એવા હોવા જોઈએ, જેમને તેના પ્રત્યે જવાબદારી અને પ્રેમની લાગણી હોય. તમારે એવો ઉકેલ શોધવો પડશે કે દીકરીના દાદા-દાદી કે નાના-નાની તેની સાથે હાજર રહે. અથવા દીકરીની આયા આ બાબતમાં ખૂબ જ સમજદાર, જવાબદાર અને સંભાળ રાખનાર હોવી જોઈએ. તમારે ખાતરી કરવી જોઈએ કે, જે વ્યક્તિ બાળકને ઉછેરી રહી છે, જેની સાથે બાળક મોટાભાગનો સમય વિતાવી રહ્યું છે, તે વ્યક્તિમાં જવાબદારીની ભાવના હોય.આ ઉપરાંત બાળકો તેમના વડીલોનું નિરીક્ષણ કરીને શીખે છે. બાળકો મોબાઈલ જુએ છે કારણ કે તેમના માતા-પિતા પોતે મોબાઈલમાં વ્યસ્ત હોય છે. આવી સ્થિતિમાં, તમારે તમારો સ્ક્રીન ટાઈમ ઓછો કરવો પડશે. જો તમે કોઈ કામ જાતે કરો છો અને તમારી દીકરીને તે કરવાથી રોકો છો, તો તેની તેના પર નકારાત્મક અસર પડશે. તેથી, સૌ પ્રથમ તમારામાં પરિવર્તન લાવો.આવી રીતે બાળકની મોબઈલની લત છોડાવોજો તમે અચાનક મોબાઈલ છીનવી લો છો, તો દીકરી ચીડાઈ જશે. તેથી, ધીમે ધીમે તેનો સ્ક્રીન ટાઈમ ઓછો કરો. શરૂઆતમાં બાળકને ખવડાવતા સમયે થોડું બતાવો, પછી ધીમે ધીમે તેને મોબાઈલ વગર ખવડાવવાનો પ્રયાસ કરો. તમારી આયાને પણ કહો કે, મોબાઈલ ફોનનો ઉપયોગ બિલકુલ ન કરે. બાળકને વ્યસ્ત રાખવાની અન્ય રીતો તેને જણાવો. જેમ કે ગીતો ગાવા, વાર્તાઓ કહેવી અથવા રમકડાં સાથે રમવું.દિવસમાં ઓછામાં ઓછું એક વાર બાળકને ખુલ્લી હવામાં લઈ જાવ. આંખના સ્વાસ્થ્ય માટે કુદરતી પ્રકાશ ખૂબ જ જરૂરી છે.

ઉપરાંત તમારી દીકરીની આંખોની નિયમિત તપાસ કરાવો, જેથી શરૂઆતના તબક્કામાં જ કોઈપણ સંભવિત સમસ્યા શોધી શકાય.તેને તેની ઉંમરને અનુરૂપ શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરો. તેની સાથે ઘણી બધી વાતો કરો, તેને વાર્તાઓ કહો અને તેના પ્રશ્નોના જવાબ આપો. તેનાથી તેની ભાષા અને જ્ઞાનાત્મક કૌશલ્ય (કૉગ્નિટિવ સ્કિલ) વિકાસમાં મદદ મળશે. તેને પાર્કમાં લઈ જાવ, છોડ-ઝાડ બતાવો અને તેને સુરક્ષીત રીતે કાદવ અને પાણીથી રમવા દો.તેને ખુબ પ્રેમ આપો. બાળકના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય માટે સલામત અને પ્રેમાળ વાતાવરણ ખૂબ જ જરૂરી છે.

દિવસમાં ઓછામાં ઓછું એક વાર તમે ત્રણેય સાથે ભોજન કરવાનો પ્રયાસ કરો અને તે સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરો.એકંદરે, નિરાશ ન થાવ, કોઈપણ ટેવ બદલવામાં સમય લાગે છે. તેથી સતત પ્રયત્ન કરતા રહો. આ પ્રક્રિયામાં તમારે બંનેએ એકબીજાને સાથ આપવો જોઈએ અને સાથે મળીને કામ કરવું જોઈએ.

આ એક પડકાર હોઈ શકે છે પરંતુ યોગ્ય પ્રયાસોથી તેને દૂર કરી શકાય છે. જોકે, ઘણી વખત માતા-પિતા બાળકોના ઉછેરમાં કેટલીક સામાન્ય ભૂલો કરે છે, જેને ટાળવી જોઈએ. જેમ કે-બાળક માટે સમય કાઢવો જરૂરી છેજેમ તમે કહ્યું તેમ, તમારા બંને પાસે કોર્પોરેટ નોકરીઓ છે અને બાળઉછેર માટે આયા પર આધાર રાખો છો. તેવામાં તમારે બંનેએ એક ટીમ તરીકે સાથે કામ કરવું જોઈએ. આ માટે તમારો ઓફિસ ટાઈમ મેનેજ કરો. એક સમયપત્રક બનાવો, જેમાં બેમાંથી એક વ્યક્તિ દીકરી સાથે હાજર હોય.

તેના પરિણામે દીકરીને આયા સાથે ઓછો સમય વિતાવવો પડશે. ઉપરાંત તમે તેને તમારી ઈચ્છા મુજબ ઉછેરી શકશો.અંતમાં હું કહીશ કે, નોકરીની સાથે બાળકનું પાલન-પોષણ કરવું એ એક પડકારજનક કાર્ય છે પરંતુ આ ઉંમરે બાળકને તમારી હાજરી અને ધ્યાનની સૌથી વધુ જરૂર હોય છે. તેથી, શક્ય તેટલું, તમારા વ્યસ્ત શેડ્યૂલમાંથી થોડો સમય કાઢો અને તેની સાથે ક્વૉલિટી ટાઈમ વિતાવો. તે ન માત્ર તેની આંખ અને મગજ માટે સારું રહેશે પરંતુ તેનાથી તમારો સંબંધ પણ મજબૂત બનશે.

## જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં કામ કરતા પશ્ચિમ બંગાળના કારીગરોનું ચેકિંગ કરાયું



: જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં સોની વેપારીઓને ત્યાં મોટાભાગે પશ્ચિમ બંગાળથી આવેલા કારીગરો સોના-ચાંદીના ઘરેણાંનું ઘડતર કામ કરે છે, જે પૈકીના 45 થી વધુ પર પ્રાંતીય શ્રમિકોનું સીટીએ ડિવિઝન પોલીસ વિભાગની ટીમ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. જોકે કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાઈ નથી. જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.એ.ચાવડા અને તેઓની ટિમ દ્વારા જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં ખાસ કરીને સોની બજારમાં પશ્ચિમ બંગાળથી સોની કામ અર્થે આવેલા કારીગરો વગેરેની યાદી તૈયાર કરીને તમામની ચકાસણી કરવામાં આવી હતી. આશરે 45 થી વધુ પરપ્રાંતિય શ્રમિકો અહીં વસવાટ કરીને સોની કામ કરે છે, જે તમામના આધાર કાર્ડ વગેરે પુરાવાઓની ચકાસણી કરવામાં આવી હતી, અને એક પણ વ્યક્તિ શંકાસ્પદ હોય, અથવા તો તેના આધાર પુરાવાઓમાં કોઈ ક્ષતી હોય તેવું ધ્યાનમાં આવ્યું ન હતું. જે અંગેનો રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સમક્ષ મૂકવામાં આવ્યો છે.

## વડોદરામાં સિટી બસના ડ્રાઈવરે ઉતાવળે બસ દોડાવતાં ઉતરવા જતી મહિલા પટકાઈ, પગ પર વ્હિલ ફરી વળ્યું



વડોદરા રેલ્વે સ્ટેશન નજીક બસ ડ્રાઈવરની ઉતાવળને કારણે એક મહિલાના પગ ઉપર બસનું વ્હિલ ફરી વળ્યું હતું.રાજમહેલ રોડ વિસ્તારમાં રહેતી પન્નાબેન મિસ્ત્રી ગોરવા વિસ્તારમાં રસોઈનું કામ કરી સિટિ બસમાં ઘર તરફ પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કડક બજાર નજીક બસમાંથી અન્ય પેસેન્જરની સાથે તેઓ છેલ્લે ઉતરી રહ્યા હતા. પન્નાબેન છેલ્લા પેસેન્જર હોવાથી ઉતરવા જાય તે પહેલા ડ્રાઈવરે બસ ઉતાવળે ઉપાડતા તેમણે બેલેન્સ ગુમાવ્યું હતું અને નીચે પટકાયા હતા. આ સાથે જ તેમના પગ ઉપર બસનું ટાયર ફરી વળતાં ગંભીર ઈજા થઈ હતી.મહિલાએ બુમાબૂમ કરતા રાહદારીઓ દોડી આવ્યા હતા અને 108 બોલાવી ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં મોકલી હતી. સયાજીગંજ પોલીસે બનાવ અંગે ડ્રાઈવર સામે ગુનો દાખલ કર્યો છે.

## અમદાવાદમાં યોજાનાર IPLને લઈને મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર, જાણો સમય અને ભાડું



અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી IPL 2025 મેચને કારણે G M R C એ મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં 2 મે એટલે કે આજે અને 14મી મેના રોજ યોજાનારી મેચને લઈને મેટ્રો ટ્રેન સેવાઓનો વર્તમાન સમય સવારે 6:20થી રાત્રે 10 વાગ્યા સુધીનો છે. જે રાત્રે 12:30 વાગ્યા સુધીના લંબાવ્યો છે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન 12.30 વાગ્યે ઉપડશે અમદાવાદમાં હાલ મેટ્રો ટ્રેનનો સમય સવારે 6.20થી લઈને રાત્રિના 10 વાગ્યા સુધીનો છે. પરંતુ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાનારી આઈપીએલ મેચના કારણે મુસાફરોની સંખ્યા વધી શકે છે. ત્યારે મુસાફરોને કોઈ અગવડ ન પડે તે હેતુસર રાત્રિના 12.30 સુધી મેટ્રો ટ્રેન ચાલુ રહેશે. જો કે આ પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ મેટ્રોમાં બેસી શકાશે. મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામના કોઈ પણ સ્ટેશન પર ઉતરી શકાશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન 12.30 વાગ્યે ઉપડશે.

સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ 50 રુપિયા રહેશે. જો કે આ ભાડું રાત્રિના 10 વાગ્યા પછી લાગુ થશે. ત્યાં સુધી નિયમિત ભાડા સાથે મુસાફરો યાત્રા કરી શકશે. રાતના 10 વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર સ્પેશ્યલ પેપર ટિકિટ જ માન્ય રહેશે.

## જામનગર શહેરના જુદા-જુદા ત્રણ પોલીસ સ્ટેશન હેઠળના રૂપિયા 43.62 લાખની કિંમતના બીયર અને ઈંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરાયો



જામનગર શહેરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન તેમજ સી. ડિવિઝન પોલીસ સ્ટેશન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલો રૂપિયા 46.62 લાખની કિંમતનો ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો, કે જેનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો, અને તેના પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. જામનગરના સિવિલ એરપોર્ટની નજીક સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં આજે સવારે શહેર વિભાગના પ્રાંત અધિકારી પી.બી.પરમારની રાહબરી હેઠળ સમગ્ર દારૂ અને બિયરના જથ્થા નો નાશ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં નશાબંધી શાખાના અધિકારી, ઉપરાંત જામનગર શહેરના સીટી એ. ડિવિઝન અને સી. ડિવિઝન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા, તેઓની હાજરીમાં તમામ દારૂ બિયરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ત્રણેય પોલીસ સ્ટેશન હેઠળ પકડી પાડવામાં આવેલા 8128 નંગ મોટી ઈંગ્લિશ દારૂની બાટલી, 2,474 નાની બોટલો અને 2096 નંગ બિયરના ટીન વગેરે સહિત 12,698 નંગ ઈંગ્લિશ દારૂ અને બિયરની બોટલો અને ટીન સહિતના જથ્થા પર આજે સવારે 10.00 વાગ્યાના અરસામાં બુલડોઝર ફેરવી દેવાયું હતું.

## અમદાવાદથી જઈ રહેલા પરિવારને ભાવનગર નજીક નડ્યો અકસ્માત, 3 સભ્યોના કરુણ મોત



ભાવનગર - વલ્લભીપુર તાલુકાના કાનપર ગામ નજીક ગુરૂવારે કાર અને આઈસર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના કમકમાટી ભર્યા મોત થયાં છે. અલગ-અલગ બે કારમાં એક પરિવારના પાંચ સભ્યો અમદાવાદથી બાબરા આવી રહ્યાં હતા.

ત્યારે એક કારને અકસ્માત નડયો હતો અને તેમાં સવાર ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. બનાવ અંગે વલ્લભીપુર પોલીસ મથકમાં આઈસર વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.બનાવની મળતી વિગતો પ્રમાણે મુળ લાઠી તાલુકાના મતિરાળા ગામના વતની છેલ્લા ઘણાં સમયથી બાબરા ખાતે રહેતા ભુપતભાઈ રામજીભાઈ બોરસાણીયા ગુરૂવારે તેમના પૌત્ર જયભાઈ, એકતાબેન સાથે જીજે-06-પીડી-0925 નંબરની કારમાં તથા અન્ય એક કારમાં ધ્રુવભાઈ તથા તેમના પત્નિ દ્રષ્ટિબેન અમદાવાદથી બાબરા ખાતે આવી રહ્યાં હતા. ત્યારે વલ્લભીપુર તાલુકાના કાનપર ગામ પહેલા આવતા નાળા પાસે વલ્લભીપુર તરફથી આવી રહેલા આઈસર વાહને તેમની કાર સાથે અકસ્માત સર્જતા કારમાં સવાર જયભાઈ, એકતાબેન તથા ભુપતભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જેમને ઈમરજન્સી 108 મારફત સારવાર અર્થે વલ્લભીપુર સરકારી દવાખાને ખસેડવા આવ્યા હતા. જ્યાં ભુપતભાઈ શામજીભાઈ બોરસણીયા (ઉ.વ.80)ને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાં હતા. જ્યારે જયભાઈ તથા એકતાબેનને પ્રાથમિક સારવાર આપી ભાવનગર રિફર કરવામાં આવ્યા હતા.

જ્યાં જયભાઈ (ઉ.વ.30) તથા એકતાબેન (ઉ.વ.28)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવ અંગે હરેશભાઈ રવજીભાઈ બોરસાણીયા (રહે.બાબરા, જી.અમરેલી)એ વલ્લભીપુર પોલીસ મથકમાં જીજે-34-ટી-1764 નંબરના આઈસર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. મોતને ભેટેલા ગર્ભવતી મહિલા સીમંત માટે વતન જઈ રહ્યા હતામળતી વિગતો અનુસાર મૃતક દંપતિ જયભાઈ તથા એકતાબેનના ચાર વર્ષ પૂર્વે લગ્ન થયાં હતા અને અમદાવાદ ખાતે રહેતા હતા. એકતાબેન ગર્ભવતી હતા અને આગામી 7મી મેના રોજ તેમનું સીમંત હોવાથી વતન બાબરા ખાતે જઈ રહ્યાં હતા.

## કાલાવડમાં સગીરને ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચારવાના કેસમાં આરોપીને દસ વર્ષની સજાનો હુકમ



જામનગર જિલ્લાના કાલાવડમાં રહેતી એક સગીરાને તેનો કુટુંબીક અને પાડોશી યુવાન લગ્નની લાલચ આપી ભગાડી લઈ ગયો હતો. અને સુરત પંથકમાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગેના કેસમાં અદાલતે આરોપીને દસ વર્ષની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે કાલાવડમાં રહેતા એક પરિવારની સગીર વયની પુત્રીને તેની પાડોશમાં જ રહેતો અને કૌટુંબિક રવિ ભલાભાઇ સોલંકી (20) સગીરાને લગ્નની લાલચ આપીને તા.26/11/2020 ના ભગાડી લઈ ગયો હતો. અને કાલાવડથી રાજકોટ ત્યાંથી મોરબી ત્યાંથી સુરત અને ત્યાંથી માંડવી લઈ ગયો હતો. જ્યાં તેણીની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ત્યાર પછી સુરત નજીકના કિમ ગામે સગીરાને લઈ જવામાં આવી હતી અને ત્યાં પણ તેણી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ પછી બંને સુરત ગયા હતા. જ્યાં પોલીસે તેમને ઝડપી લીધા હતા. આ અંગે કાલાવડ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

આ અંગેનો કેસ સ્પે. પોક્સો કોર્ટના જજ વી.પી.અગ્રવાલ સમક્ષ ચાલી જતાં સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવા તથા સરકારી વકીલની દલીલો સાંભળ્યા પછી આરોપીને દસ વર્ષની સજા અને રૂ.17 હજારની દંડ, તેમજ ભોગ બનનારને રૂપિયા બે લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો.

## વડોદરામાં ભૂખી કાંસ રી-રૂટ કરવાના વિરોધમાં જન આંદોલન, ધરણા પહેલાં જ કોંગ્રેસના કાર્યકરોની અટકાયત



વડોદરા શહેરના ઉત્તર ઝોનમાં ભૂખી કાંસ રી-રૂટ કરવાના વિરોધમાં જન આંદોલનના ભાગરૂપે આજે સવારે ધરણા અને સહી ઝુંબેશ નો કાર્યક્રમ થાય તે પહેલા પોલીસે કોંગ્રેસના 28 લોકોની અટકાયત કરી લીધી હતી. આંદોલનના ભાગરૂપે તેઓએ સૂત્રોચાર કર્યા હતા. વોર્ડ નંબર એકના કોંગ્રેસના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષી નેતાના કહેવા મુજબ ભૂખી કાંસ રી-રૂટ કરવું એટલે નેવાના પાણી મોભે ચડાવવા બરાબર છે. આ કામ કરવાથી જ્યાં પૂર નથી આવતા તે વિસ્તારમાં પણ પૂરની શરૂઆત થશે, એટલે ભૂખી કાંસ ડાઈવર્ટ કરવાનો નિર્ણય પાછો ખેંચવામાં આવે એ જ અમારી માગણી છે. આ કાંસને તેની મૂળ સ્થિતિમાં પાછો લાવી દબાણો દૂર કરવાના બદલે 40 કરોડનો જે ધુમાડો કરવામાં આવી રહ્યો છે તેની સામે વિરોધ છે.

થોડા સમય અગાઉ આ મુદ્દે અહીં મિટિંગ થઈ હતી, ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે આ કાંસ વોર્ડ નંબર એકના બદલે હવે વોર્ડ નંબર બેમા ડાઈવર્ટ કરવામાં આવશે, એટલે કે પહેલા વોર્ડ નંબર એકમાં છાણીથી પંડ્યા બ્રિજવાળા રસ્તે ડાઈવર્ટ કરવાનું હતું તેના બદલે હવે છાણીથી ડિલક્સ વાળા રોડ પર કામ ડાઈવર્ટ કરવામાં આવશે. કાંસ ડાયવર્ટ કરવાથી જે નવા રોડ બનેલા છે તે ખોદવામાં આવશે, તેના કારણે કોર્પોરેશન પર વિના કારણ ખર્ચ રોડ ફરીથી બનાવવાનો વધી જશે. ભૂખી કાંસ રી-રૂટ કરવાનો નિર્ણય નોન ટેકનીકલ છે .ખરેખર તો મૂળ કાંસ પહોળી કરી તેના પરના દબાણો ખુલ્લા કરવાની જરૂર છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશ મુજબ પૂર નદી અને કાંસના પૂરગ્રસ્ત વિસ્તારોનું સીમાંકન કરવાની અને તેનો સર્વે કરવાની આવશ્યકતા છે. રી-રૂટ અને કાંસ ડાયવર્ટ કરી તેમજ વિશ્વામિત્રીમાં ખોદકામનું કાર્ય કર્યા પછી પણ સરકાર એવી ખાતરી આપશે કે પૂર નહીં આવે? જ્યાં સુધી આ નિર્ણય પડતો નહીં મુકાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા માં આવશે એમ તેઓએ જણાવ્યું હતું.

## તળાજાના રાળગોન નજીક અકસ્માતમાં યુવકનું મોત

તળાજા તાલુકાના રાળગોન ગામ નજીક આઈસરે અડફેટે લેતા બાઈક ચાલક બગદાણાના યુવકનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે તળાજા પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.મહુવા તાલુકાના બગદાણા ગામે રહેતા ભીખાભાઈ રામભાઈ રાઠોડે તળાજા પોલીસ મથકમાં જીજે-૦૪-એક્સ-૬૨૦૧ નંબરના આઈસરના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તેમના ભત્રીજા રવિભાઈ પરશોત્તમભાઈ રાઠોડ (ઉ.વ.૨૪, રહે.બગદાણા) તેમનું જીજે-૦૪-ઈડી-૬૪૩૯ નંબરનું બાઈક લઈને આજે સવારે ૯ કલાકના અરસામાં તળાજા કામ સબબ નોકરી પર જઈ રહ્યાં હતા ત્યારે રાળગોન.

## કીંમતી પ્લોટ હોકિંગ ઝોન માટે ફાળવવાના હોવાથી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ અભરાઈ પર




ગુજરાત સરકારે સ્ટ્રીટ વેન્ડર્સ એકટ વર્ષ-2014માં બનાવ્યો પરંતુ સ્ટ્રીટ વેન્ડર્સ એકટ પ્રમાણે લારી-ગલ્લા માટે હોકિંગ ઝોનના પ્લોટો ફાળવવાનો મુદ્દો 11 વર્ષથી અધ્ધરતાલ છે. આજદિન સુધી સ્ટ્રીટ વેન્ડર્સ એકટનો અમલ કરવામાં સરકાર નિષ્ફળ ગઇ છે. ગુજરાતમાં લારી-ગલ્લાનો પ્રશ્ન, વિકટ બન્યો છે. જેને કારણે અવારનવાર વાહન પાર્કિંગ કરનારા અને લારી ચલાવનારા વચ્ચે રકઝક થતી રહે છે. કેટલીક વાર તો આ રકઝક ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. ગુજરાતમાં વર્ષો પૂર્વે લારી-ગલ્લાના લાઈસન્સ આપવામાં આવતા હતા ત્યારે હજારોની સંખ્યામાં લારી-ગલ્લા હતા. રોજગારીનો પ્રશ્ન પણ ઉભો થતાં લારી-ગલ્લાનો પ્રશ્ન આર્થિક અને સામાજિક સમસ્યા બની ગઇ છે. રાજ્ય સરકારની સૂચના પ્રમાણે વર્ષ-2009માં સ્ટ્રીટ વેન્ડર્સ પોલિસી તૈયાર કરવામાં આવી હતી. તેમ છતાં તેનો અમલ થયો નહીં. જેને કારણે ગુજરાતમાં લારી-ગલ્લા અને પથારાની સંખ્યા લાખોમાં પહોંચી ગઈ છે. કોર્પોરેશનો અને નગરપાલિકાઓ દ્વારા લારી-ગલ્લા હટાવવાની ઝુંબેશ રોજબરોજ કરવામાં આવે છે પરંતુ લારી-ગલ્લાવાળા સાથે રાજકારણીઓ પણ સંકળાયેલા હોય છે. એટલું જ નહીં પોલીસ અને કોર્પોરેશનના કેટલાક કર્મચારીઓનું હપ્તાનું રાજકારણ ચાલતું હોવાથી તાત્કાલિક લારી-ગલ્લા પેનલ્ટી લઈને છોડી દેવાની ફરજ પડે છે. કોર્પોરેશનો દ્વારા વર્ષ-2009માં સ્ટ્રીટ વેન્ડર પોલિસી બનાવવામાં આવી હતી. જેનો અમલ આજ દિન સુધી થયો નથી. વર્ષ-2014માં રાજ્ય સરકાર દ્વારા સ્ટ્રીટ વેન્ડર્સ એકટ બનાવી તેનો અમલ કરવાનું નક્કી કર્યું અને રાજ્ય સરકારે લાઇવલી હુડ મિશન દ્વારા વર્ષ-2016-17માં સ્ટ્રીટ વેન્ડર્સનો સર્વે કરવામાં આવ્યો હતો. દરમ્યાનમાં જાણવા મળતી માહિતી પ્રમાણે હવે એકટ અને પોલિસી પ્રમાણે સ્ટ્રીટ વેન્ડર્સ માટે ગુજરાતની કોર્પોરેશનો અને નગર પાલિકાઓમાં હોકિંગ ઝોનના પ્લોટો ફાળવવાના હોવાથી હવે કરોડો રૂપિયાની જમીનો હોકિંગ વેન્ડર્સને ફાળવવાનો મુદ્દો સરકાર માટે માથાનો દુખાવો બન્યો છે. સરકાર કરોડો રૂપિયાની જમીન સ્ટ્રીટ વેન્ડર્સ માટે ફાળવે તો નુકસાન થાય તેવી પરિસ્થિતિ હોવાથી રાજ્ય સરકાર સ્ટ્રીટ વેન્ડર્સ એકટનો અમલ કરતી નથી તેમ જાણવા મળે છે. કોર્પોરેશન અગાઉ લારી-ગલ્લા ફરતા રાખવા લાઈસન્સ આપતું હતું વડોદરા શહેરમાં વર્ષો પૂર્વે કોર્પોરેશન લારી-ગલ્લા માટે લાઈસન્સ આપતું હતું. આ લાઈસન્સ મુજબ લારીઓ ફરતી રાખવાનો નિયમ છે. વર્ષો પૂર્વે માંડ ત્રણથી ચાર હજાર લારીઓ હતી ત્યારે નિયમનો અમલ થતો હતો. શહેરમાં લાઇવલી હુડ મિશન દ્વારા લારી ગલ્લાનો સર્વે કરવામાં આવ્યો હતો ત્યારે 12,600 છલારી ગલ્લા નોંધાયા હતા. વડોદરા શહેરમાં એક અંદાજ મુજબ 50 હજારથી વધુ લારી-ગલ્લા અને પથારા થઈ ગયા છે.લારી-ગલ્લા ઉપરાંત ઠેર-ઠેર પંડાલ, ગાડીઓ, કાર ડિલરોના દબાણો વડોદરા શહેરમાં લારી-ગલ્લા ઉપરાંત ગણપતિના પંડાલ, કંડમ થઈ ગયેલી ગાડીઓ, કાર ડીલરો, ઘોડાગાડી તેમજ ફૂટપાથ પર ગેરકાયદે લારી-ગલ્લાની સાથે ખુરશી-ટેબલ મુકી ખાણીપીણીનો ધંધો કરનારાના દબાણો કોર્પોરેશન માટે હટાવવા પડકારરૂપ બન્યા છે. કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ વેન્ડર્સ પોલિસીનો અમલ નહીં થતાં ગેરકાયદે દબાણોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

## બાંધકામ બંધ કરી દેજો નહીંતર..! વડોદરાના અટલાદરામાં બાંધકામ બંધ કરી દેવાની ધમકી આપતા બે આરોપી સામે ફરિયાદ




વડોદરાના છાણીમાં પ્રીત બંગલોની બાજુમાં શ્રીજી દર્શનમાં રહેતા 68 વર્ષના લક્ષ્મીદાસ શામજીભાઈ કોટડીયાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે આટલા ગ્રામમાં આવેલી બિનખેતીની જમીન જેનું સર્વે નંબર 236 છે તેના માલિક સજ્જનસિંહ વજેસિંહ ગોહિલ રહે ખાનપુર વડોદરા તથા માધવસંગ ગટોરભાઈ ટાંક રહે ફતેપુર તાલુકો જીલ્લો અમદાવાદ છે. મારા દીકરા ભાવેશ લક્ષ્મણદાસ કોટડીયાએ ડેવલોપમેન્ટ કરાર કર્યો હતો. જમીન માલિકોએ કોર્પોરેશનમાંથી રજા ચિઠ્ઠી મેળવી હતી. આ જગ્યા પર જગન્નાથ ડેવલોપર્સ નામની બંગલાની સ્કીમ માર્ચ 2025 થી શરૂ કરી છે. મારો દીકરો ભાવેશ ત્યાં બેસીને કન્સ્ટ્રકશનનું કામ કરે છે.

આ સાઈટ પર વાઘજી ભરવાડ તથા મયંક રવજીભાઈ સોલંકી આવ્યા હતા અને કહ્યું હતું કે આ જમીન પર અમારો રજીસ્ટર બાનખત છે તમને ખબર નથી તમે કેમ કન્સ્ટ્રકશનનું કામ શરૂ કર્યું છે. જેથી મેં તેઓને કહ્યું હતું કે આ જમીન નીતિન વ્રજલાલ યાદવની છે અને મારો દીકરો ભાવેશ બાંધકામનું ગામ કરે છે તમે નીતિનભાઈને મળજો મયંક અને ભાગ જે ભરવાડ કન્સ્ટ્રકશન કામ બંધ કરવાની અને નહીં કરો તો ખરી ખરાબ પરિણામ આવશે તેવી ધમકી આપીને જતા રહ્યા હતા.

## જિલ્લાની દરિયાઈ સીમામાં દૈનિક 5 બોટ, 30થી વધુ ખલાસીનું ચેકિંગ



પહલગામમાં આતંકી હુમલા બાદ રાજ્યભરમાં શરૂ થયેલાં ઓપરેશન ઘુસણખોર અંતર્ગત ભાવનગર પોલીસ દ્વારા શહેર અને જિલ્લામાં બાંગ્લાદેશી સહિતના વિદેશી નાગરિકોની તપાસ આદરવામાં આવી છે.પોલીસે ત્રણ દિવસ દરમિયાન શહેર અને જિલ્લામાંથી ૧૫૦૦થી વધુ નાગરિકોની તપાસની સાથોસાથ જિલ્લાને મળેલી લાંબી જળસીમામાં તપાસ આદરી છે. હાલ ભાવનગર મરિન પોર્ટ પોલીસ દ્વારા દૈનિક પાંચ બોટ તથા ૩૦થી વધુ ખલાસીનું ચેકિંગ થઈ રહ્યું છે. જો કે, પોલીસને અહીંથી પણ કશું જ વાંધાજનક મળ્યું નથી. ભાવનગર પોર્ટ મરિન પોલીસ સૂત્રોના જણાવ્યાનુંસાર , પહલગામ આંતકી હુમલા બાદ રાજ્યના ગૃહ મંત્રાલય તરફથી મળેલાં આદેશ અનુસાર, પોલીસ દ્વારા ભાવનગર જિલ્લાની જળસીમામાં પોલીસ બોટ દ્વારા રાઉન્ડ ધ ક્લૉક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. એલર્ટના પગલે પોર્ટ મરિન પોલીસ દ્વારા દૈનિક પાંચ બોટ અને ૩૦થી વધુ ખલાસીનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જો કે, તમામા ખલાસી અને બોટ સ્થાનિક હોવાથી પોલીસને આ તપાસમાં કંઈપણ વાંધાજનક મળ્યું ન હોવાનું સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું.

## વડોદરામાં બોગસ બર્થ સર્ટિફિકેટથી આધાર કાર્ડ કઢાવવાનો પ્રયાસ, ચારની ધરપકડ, કૌભાંડની આશંકા

ગુજરાતમાં નકલી વસ્તુઓ, અધિકારીઓ અને દસ્તાવેજોમાં વધુ એક નકલીનો ઉમેરો થયો છે. વડોદરામાંથી નકલી બર્થ સર્ટિફિકેટ મળી આવતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે. મૂળ યુપીના શખ્સે વડોદરા કોર્પોરેશનની કચેરી ખાતે આધારકાર્ડ કઢાવવા માટે બોગસ બર્થ સર્ટિફિકેટ રજૂ કરતા શહેરમાં નકલી બર્થ સર્ટિફિકેટ બનાવવાનું કૌભાંડ ચાલતું હોવાની આશંકા સેવાઈ રહી છે. વડોદરાના રાવપુરા વિસ્તારમાં નવરંગ કોમ્પ્લેક્સની બાજુમાં કોર્પોરેશનની વસ્તી ગણતરીની કચેરી ખાતે આધારકાર્ડ અંગેની કામગીરી કરવામાં આવે છે. આજે સવારે વસ્તી ગણતરી અધિકારી તરીકેની ફરજ બજાવતા આસિ. મ્યુ. કમિશનર દક્ષિણ ઝોન તથા આધાર કાર્ડ સેન્ટરના હેડ તરીકે વધારાનો ચાર્જ સંભાળતા સેશન્સ ઓફિસર સમીક જોષી હાજર હતા, તે સમયે કાશીદ રાશિદ સિદ્દીકી (રહે -મહેન્દ્રનગર, વડસર જીઆઇડીસી રોડ ,માંજલપુર/ મૂળ રહે -ઉત્તર પ્રદેશ) નામનો શખ્સ માતા સાથે આધાર કાર્ડ કઢાવવા માટે પહોંચ્યો હતો. જ્યાં ઓફિસરે આધાર કાર્ડ માટે જરૂરી ડોક્યુમેન્ટની માંગણી કરતા શાકભાજીની લારી ચલાવતા કાશીદ સિદ્દીકીએ જમનાભાઈ જનરલ હોસ્પિટલના નામનું બર્થ સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. મહત્વનું છે કે, શહેરી હદ વિસ્તારમાં જન્મ મરણનો દાખલો ઇશ્યૂ કરવાની સત્તા માત્ર કોર્પોરેશનની જન્મ મરણ શાખાને જ હોય અધિકારીને શંકા જતા આ પ્રમાણપત્ર બાબતે જન્મ મરણ શાખાની કચેરીમાં ચકાસણી કરાવતા તે નકલી હોવાનું બહાર આવ્યુ હતું. અને શખ્સે આ




ડુપ્લિકેટ બર્થ સર્ટિફિકેટ તેના પિતા રાશિદ સિદ્દીકીએ કઢાવેલ હોવાની કબુલાત કરી હતી. જેથી ઓફિસરે પોલીસ કંટ્રોલને જાણ કરી રાવપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ કેસ મામલે એસીપી સી ડિવિઝન એ.પી. રાઠવાએ પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી કે, ફરિયાદ મળતા જ એક્શનમાં આવેલ રાવપુરા પોલીસે તાત્કાલિક બીએનએસ 336 (2) અને 340(2) હેઠળ ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. એજન્ટ મારફતે ઝેરોક્ષની દુકાનેથી માત્ર રૂ. 600માં બોગસ જન્મ દાખલો બનાવ્યો બોગસ જન્મ દાખલો રજૂ કરનાર કાશીદના પિતા રાશિદ સિદ્દીકીની પોલીસે પૂછપરછ કરતા તેણે એજન્ટ ફિરોજ નાસીર પઠાણ (રહે- ઈન્દિરા નગર, વડસર ફાટક ,માંજલપુર ) મારફતે મકરપુરા જીઆઈડીસી ખાતે આવેલ ઝેરોક્ષની દુકાન ધરાવતા અજયકુમાર રણછોડભાઈ મકવાણા (રહે- ફોર્ચ્યુન સ્કાય લાઈન્સ ,અટલાદરા) પાસેથી માત્ર રૂ.600 માં આ બોગસ બર્થ સર્ટિફિકેટ બનાવ્યું હોવાની કબુલાત કરી હતી. જ્યારે એજન્ટ ફિરોજ પઠાણ 200 રૂપિયા કમિશન મેળવતો હતો.કેટલા બોગસ પ્રમાણપત્રો બનાવ્યા તે જાણવા પોલીસ આરોપીના રિમાન્ડ મેળવશે અજયકુમાર મકવાણાએ અગાઉ કેટલા બોગસ પ્રમાણપત્રો બનાવ્યા છે તથા એજન્ટ ફિરોજ પઠાણએ કેટલા લોકો પાસેથી કમિશન મેળવ્યું છે , કેટલા સમયથી આ પ્રકારની પ્રવૃત્તિ ચાલતી હતી, અન્ય કોઈની સંડોવણી છે કે નહિ? સહિતના મુદ્દે વધુ તપાસ હેતુ પોલીસે આરોપીઓના રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.પ્રજા અને દેશની સુરક્ષાની વાત આવે ત્યારે આ ખૂબ જ ગંભીર વિષય છે : આસિસ્ટન્ટ મ્યુ. કમિશનરસેશન્સ ઓફિસર શમિક જોષીએ જણાવ્યું હતું કે, અરજદારે બોગસ જન્મ દાખલો રજૂ કર્યો હોય પોલીસ કંટ્રોલને જાણ કર્યા બાદ પોલીસ અડધો કલાક વિલંબથી આવી હતી. અને મારી સાથે યોગ્ય વર્તન કર્યું ન હતું. હાલ પહેલગામ આતંકી હુમલા બાદ જ્યારે પ્રજા અને દેશની સુરક્ષાની વાત આવે ત્યારે આ ખૂબ જ ગંભીર વિષય છે. તેથી પોલીસે હદનો વિષય બાજુમાં રાખી કામગીરીની પદ્ધતિમાં બદલાવ કરી જવાબદારી સ્વીકારી કેસની ઊંડાણપૂર્વક તપાસ કરી કથિત કૌભાંડ અને કૌભાંડીઓને પકડી સખત સજા કરવા કરાવવી જોઈએ. અને પોલીસે પણ ફરિયાદી બનવું જોઈએ.ડુપ્લીકેટ ફાયર એનઓસી મામલે પણ આવી કુશળતા જરૂરી હતી.

## તમે ચોક્કસ એજન્ડા સાથે આવ્યા છો, જાણો CM ભૂપેન્દ્ર પટેલ કેમ ગુસ્સે થઈ ગયા

વડોદરાના દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આજે મુખ્યમંત્રી દ્વારા રૂ. 1,156 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમૂહુર્તના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરી રહ્યા હતા ત્યારે અચાનક બે મહિલા ઊભી થઈને હરણી બોટકાંડ અને આવાસ મુદ્દે ઉગ્ર રજૂઆતો કરવા લાગી હતી. આ મહિલાઓની રજૂઆતો સાંભળીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, 'તમે સ્પેશિયલ એજન્ડા સાથે આવ્યા છો બેન.. તમે શાંતિથી મળો. અત્યારે તમે બેસી જાવ. તમે મને મળીને જજો.' બીજી તરફ, આ ઘટનામાં બંને મહિલાના પતિની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરાઈ છે. આ કાર્યક્રમમાં હાજર પોલીસકર્મીઓએ સંધ્યા નિઝામા અને સરલા શિંદે નામની આ મહિલાઓને બેસાડી દેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ



મહિલાઓ રજૂઆત કરતી રહી હતી. મુખ્યમંત્રીના ચાલુ કાર્યક્રમમાં જ બંને મહિલાઓએ ન્યાયની માંગણી કરી હતી. તેમણે મુખ્યમંત્રીના ચાલુ ભાષણમાં ઊભા થઈને કહ્યું હતું કે, 'અમે તમને દોઢ વર્ષથી મળવા માંગીએ છીએ પરંતુ કોઇ મળવા દેતું નથી.' ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અકળાઈને કહ્યું હતું કે, 'આપણે તેમની બાજુ ધ્યાન ન આપશો. તેઓ ચોક્કસ એજન્ડા સાથે આવ્યા છે. આપણે તેના પર ધ્યાન આપવાની જરૂર નથી.' ત્યારબાદ કાર્યક્રમમાં હાજર લોકોએ ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા. બીજી તરફ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ભાષણ પૂરૂ થતાં ફરી બંને મહિલાઓ ઊભી થઇ હતી. તેઓ સતત હરણી બોટકાંડ અને આવાસ નહીં મળ્યાની રજૂઆત કરતી હતી. ત્યારે હાજર સુરક્ષાકર્મીઓએ બંને મહિલાનું મોં દબાવીને બહાર કાઢી હતી. અહેવાલો અનુસાર, આ કાર્યક્રમ પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બંને મહિલાઓને મળવા બોલાવી હતી.

## જામનગરના શોરૂમમાં રાત્રે દસ વાગ્યે સ્કોર્પિયો કાર ખરીદવા આવેલા બે શખ્સોનો હંગામો, તોડફોડ કરી ભાગી ગયાની પોલીસ ફરિયાદ

જામનગર નજીક હાપા વિસ્તારમાં આવેલા મહિન્દ્રા કંપનીના કારના શોરૂમમાં ગઈકાલે રાત્રે 10 વાગ્યે ખંભાળિયા પંથકમાંથી બે શખ્સો કાર ખરીદવા માટે આવ્યા હતા, અને શોરૂમ બંધ થઈ ગયો હોવા છતાં અમારે અત્યારે જ કાર ખરીદવી છે તેમ કહી સિક્યુરિટી વિભાગના કર્મચારીઓ સાથે તકરાર કરી હતી, અને શોરૂમનો નવ ફૂટ મોટો કાચ તોડી નાખી નુકસાની પહોંચાડી હતી, અને બંને ભાગી છુટ્યા હતા. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ અંગેના બનાવની



વિગત એવી છે કે જામનગર નજીક હાપા વિસ્તારના મહેન્દ્ર કંપનીનો શોરૂમ આવેલો છે, ત્યાં ગઈકાલે રાત્રિના દસ વાગ્યાના અરસામાં ખંભાળિયા તાલુકાના સોનારડી ગામના વતની હરપાલસિંહ મહિપતસિંહ જાડેજા અને મહાવીરસિંહ મુળુભા, કે જેઓ કારની ખરીદી કરવા માટે આવ્યા હતા, રાત્રિના 10.00 વાગી ગયા હોવાથી શોરૂમ બંધ થઈ ગયો હતો, અને માત્ર સિક્યુરિટી ગાર્ડન ત્યાં હાજર હતા. જે સમયે બંને આરોપીએ ફરજ પર હાજર રહેલા અબ્દુલ કાદરભાઈ મહમદ નામના શિખ્યુટી ગાર્ડ સાથે ઝઘડો કર્યો હતો, અને નવી કારની ચાવી આપો. અમારી અત્યારે જ કાર ખરીદી જવી છે, તેમ કહીને હંગામો મચાવ્યો હતો.

જેથી સિક્યુરિટી ગાર્ડ વગેરે હાલ શોરૂમ બંધ થઈ ગયો છે, અને અમારા મેનેજર આવતીકાલે આવશે ત્યારે તમે કારની ખરીદી કરી લેજો તેમ કહેતા બંને આરોપી ઉશ્કેરાયા હતા, અને ફરજ પર હાજર રહેલા બે સિક્યુરિટી ગાર્ડ સાથે ઝઘડો કરીને બંનેને ધાક ધમકી આપી હતી, ત્યારબાદ શોરૂમનો નવ ફૂટનો વિશાળ કદનો કાચ કે જેમાં તોડફોડ કરી નાખી નુકસાની પહોંચાડી હતીઝ અને બંને શખ્સો ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

જે મામલો જામનગરના પંચકોષી એ. ડિવિઝન પોલીસમાં મથકમાં લઈ જવાયો છે, અને કાદરભાઈનું નિવેદન નોંધી અને તેની ફરિયાદના આધારે કારના શોરૂમમાં તોડફોડ અને હંગામા મચાવા અંગે ખંભાલીયાના હરપાલસિંહ જાડેજા અને મયુરસિંહ ઝાલા સામે ગુનો નોંધ્યો છે તે બંને ભાગી ચૂક્યા હોવાથી પોલીસની ટીમ સક્રિય બની બન્ને આરોપીઓને શોધખોળ કરી રહી છે.

## ભાવનગરમાં બેંક અધિકારી અને મિલકતના માલિક વચ્ચે મારામારીની સામસામી ફરિયાદ

શહેરના શાસ્ત્રીનગરમાં મિલકતનો કબ્જો લેવા ગયેલા બેંક અધિકારી અને મિલકતના માલિક વચ્ચે થયેલા ઝઘડા અને મારામારી અંગેની સામસામી પોલીસ ફરિયાદ શહેરના નિલમબાગ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની મળતી વિગતો પ્રમાણે મુળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ભાવનગરમાં રહેતા તથા કાળુભા રોડ ઈન્ડિયન



બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા શુભાંકર શ્રીવિરેન્દ્રકુમાર ભારદ્વાજે નિલમબાગ પોલીસ મથકમાં મહેન્દ્ર મકવાણા, નરેશ ચાવડા, રાજ અને ભાવિન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૧૯-૦૩ના રોજ સવારના ૧૦.૩૦ કલાકના અરસામાં શાસ્ત્રીનગર એલઆઈજી ૮૪ શેરીનં.૬ ખાતે કોર્ટના જપ્તી હુકમ અનુસંધાને કોર્ટ કમિશ્નર સાથે મિલકતનો કબ્જો લેવા ગયા હતા ત્યારે ઉક્ત લોકોએ મિલકતનો કબ્જો લેવા ના દઈ ફરજમાં રૂકાવટ કરી અપશબ્દો કહી ઢીકાપાટુંનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## ચંડોળાથી હટાવ્યાં તો અમદાવાદના જ લાંભાના ગણેશનગરમાં ગેરકાયદે વસાહત ઊભી થવાનો ડર!



| ચંડોળા તળાવ પાસે અમદાવાદનું સૌથી મોટુ ડિમોલિશન હાથ ધરવામાં આવતા ત્યાંથી ખાલીને લાંભા વોર્ડમાં આવેલા ગણેશનગરની સરકારી જમીન પર ગેરકાયદે સ્થાયી થઇ રહ્યા હોવાની ફરિયાદ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી છે. જો કે હજુ સુધી સ્થાનિક કોર્પોરેટર અને નારોલ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી આવતી ન હોવાથી લોકોમાં રોષની લાગણી જોવા મળી છે. ચંડોળા તળાવમાં અમદાવાદના સૌથી મોટું દબાણ હટાવવામાં આવતા તે વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકો મોટાપ્રમાણમાં હવે અમદાવાદના અન્ય સ્થળો પર ગેરકાયદે દબાણ કરી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. જેમાં ચંડોળા તળાવથી માત્ર ત્રણ કિલોમીટર દુર આવેલા લાંભા વોર્ડના ગણેશનગરમાં છેલ્લાં બે દિવસથી મોટા પ્રમાણમાં કેટલાંક લોકો સામાન લઈને આવ્યા છે અને હજુપણ રાતના સમયે સામાન લઈને અનેક લોકો આવી રહ્યા છે. આ અંગે લાંભાના પૂર્વ સરપંચ રમણભાઇ ભરવાડે જણાવ્યું કે ગણેશનગરમાં સરકારી જમીન પર મોટાપ્રમાણમાં દબાણ થયા છે અને પાંચ હજાર જેટલા ઝુપડા છે. ત્યારે ચંડોળા તળાવનો વિસ્તાર ખાલી થતા ગણેશનગરમાં દબાણ વધવાની શક્યતા છે. આ અંગે સ્થાનિક કોર્પોરેટર જશોદાબેન અમીલાયાર, ડૉ. ચાંદની પટેલ, કાળુ ભરવાડ અને માનસિંગ સોલંકીને જાણ કરવામાં આવી છે. જો કે હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

## જામજોધપુરના વેરાવળ ગામમાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા 6 શખ્સો પકડાયા



જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વેરાવળ ગામમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા છ શખ્સોની પોલીસે અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે. જામજોધપુરના વેરાવળ ગામમાં ગઈકાલે મોડી રાત્રે પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા હનીફ ઓસમાણભાઈ સંધિ, ઈસ્માઈલ કાસમભાઈ સંધિ, હનીફ મહંમદ ભાઈ સંધિ, ઈકબાલ જુસબભાઈ સંધિ, નૂરમહમદ ઈસ્માઈલભાઈ સંધિ, અને હાજીભાઈ હાસમભાઈ સંધિની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા 10,210 ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

## અમદાવાદમાં એક જ દિવસમાં 5 અલગ-અલગ સ્થળે આગની ઘટના, ફાયર બ્રિગેડ દોડતું થયું

હાલ રાજ્યમાં વધતી જતી ગરમીની સાથે આગ લાગવાની ઘટનાઓના બનાવ પણ વધતા જાય છે. ત્યારે આજે અમદાવાદ શહેર 5 અલગ અલગ વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓ બની હતી. જેમાં અમદાવાદના ચંડોળા અને વટવા ખાતે આવેલી ઝૂંપડીપટ્ટી , પ્રહ્લાદ નગર ખાતે આવેલા વિનસ એટલાન્ટિસ, વટવા જીઆઈડીસી ફેઝ-4ની કેમિકલ ફેક્ટરી અને સોલા સિવિલમાં આગ લાગતાં ફાયર બ્રિગેડની ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો. વટવા GIDC મા ભીષણ આગ



અમદાવાદની વટવા GIDC ફેઝ-4માં આવેલી જયશ્રી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. કેમિકલ ડ્રમમાં બ્લાસ્ટ થયા બાદ ફેક્ટરીમાં આગ લાગી હતી. જેના કારણે 4થી 5 કંપનીઓ આવી આગની ઝપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ચાર ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી રહી છે. પ્રહ્લાદનગરમાં લાગી આગ, અનેક વાહનો બળીને ખાક મળતી માહિતી મુજબ, પ્રહલાદનગરના વિનસ એટલાન્ટિસ નામની બિલ્ડિંગના બેસમેન્ટમાં આગની ઘટના સામે આવી હતી. આ આગની જાણ થતાં જ ફાયરની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી હતી. જોકે, આગની ઘટનામાં અનેક વાહનો બળી ગયા હતાં.

વાહનોમાં લાગેલી આગના કારણે તેનું સ્વરૂપ વિકરાળ બની ગયું હતું. જોકે, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે નથી. ફાયર વિભાગ આગ ઓલવ્યા બાદ આગ લાગવાના કારણ વિશે તપાસ હાથ ધરશે. હાલ, આગ લાગવાનું કારણ અકબંધ છે. ચંડોળા ખાતે કાટમાળમાં આગ એકબાજુ છેલ્લાં ત્રણથી ચાર દિવસથી ચંડોળા તળાવ ખાતે ગેરકાયદે બાંધકામ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એવામાં જે ઘર તોડ્યા તેનો કાટમાળ હજુ જ્યાંનો ત્યાં જ પડ્યો છે. ત્યારે આ કાટમાળમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. કાપડ, પ્લાસ્ટિક અને લાકડા સહિતના સામાનમાં આગ લાગી છે. જોકે, હાલ ત્યાં ફક્ત કાટમાળ હતો તેથી કોઈ જાનહાનિના કોઇ અહેવાલ પ્રાપ્ત થયા નથી. પ્રાથમિક તબક્કે ગરમીના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## જામનગરના સાધના કોલોની રોડ પરથી વધુ ગેરકાયદે જાહેરાતના હોર્ડિંગ-બોર્ડ વગેરે દૂર કરાયા

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં દબાણ હટાવવાની ઝુંબેશ અવિરત ચાલુ રાખવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આજે સવારે જામનગરના પવનચક્કીથી સાધના કોલોનીના માર્ગ પર મહાનગર પાલિકાના સ્ટ્રીટ લાઈટના પોલ પર ગેરકાયદે રીતે લગાવવામાં આવેલા 200થી વધુ જાહેરાતના હોર્ડિંગ બોર્ડ વગેરે ઉતારી લઇ મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. આ



ઉપરાંત જી.જી.હોસ્પિટલથી લાલ બંગલા સુધીના માર્ગ પર રેકડી કેબીન સહિતના અન અધિકૃત દબાણો દૂર કરી લેવામાં આવ્યા છે, અને રેકડી કેબીન કબજે કરી લેવામાં આવી છે. ત્યારબાદ સાંજના સમયે રણમલ તળાવની પાળે પેટ્રોલ પંપથી શ્યામજી કૃષ્ણ વર્મા રોડ પર ઠંડા પીણા, જ્યુસ તથા અન્ય ખાણી પાણીના ધંધાર્થી દ્વારા ઊભા કરાયેલા મંડપની કમાન, ટેબલ, ખુરશી, સ્ટુલ વગેરે કબજે કરી લેવામાં આવ્યા છે, અને અંદાજે બે ટ્રેક્ટર જેટલો માલ સામાન જપ્ત કરીને જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યો છે.

# અજમેરની હોટલમાં આગ: 3 મૃતકો અમરેલીના, પતિ-પત્ની અને પુત્ર કાળનો કોળીયો બન્યાં



રાજસ્થાનના અજમેરમાં આવેલા ડિગ્ગી બજારમાં એક હોટલમાં અચાનક આગ લાગી હતી. આ આગમાં ચાર લોકોના મોત થયા હતા. ગુરૂવારે (પહેલી મે) હોટલમાં આગ લાગતાં જ લોકો જીવ બચાવવા પાંચમા માળેથી કુદ્યા હતા. જેમાં અમરેલીનાં લાઠીના પતિ-પત્ની અને પુત્રએ જીવ ગુમાવ્યો હતો. જે અજમેર શરીફ દર્શન માટે ગયા હતા. લાઠીના એકજ પરિવારનાં 3 લોકોએ જીવ ગુમાવ્યો મળતી માહિતી અનુસાર, રાજસ્થાનના અજમેરની નાઝ હોટલમાં આગ લાગી હતી. જેમાં અમરેલીમાં લાઠીના 30 વર્ષીય અલ્ફેઝ નુરાની તેમની 26 વર્ષીય પત્ની શબનમબેન નુરાની અને ત્રણ વર્ષીય પુત્ર અરમાન નુરાનીનું મૃત્યુ નીપજ્યું હતું. એસીમાં બ્લાસ્ટ થવાના કારણે ઘટના બની હોવાનું સામે આવ્યું હતું. અનેક લોકોએ હોટલમાંથી જીવ બચાવવા કૂદ્યા હતા. લાઠીના એકજ પરિવારનાં 3 લોકોએ જીવ ગુમાવતાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ત્રણેય મૃતદેહોને આજે વતન લાઠી લાવવામાં આવશે. આ પણ વાંચો: દિલ્હીમાં મોડી રાતે વાવાઝોડું! ભારે વરસાદથી અનેક વિસ્તાર જળમગ્ન, વૃક્ષ પડતાં 3 બાળકના મો પાંચમા માળેથી લોકો કુદ્યા પ્રત્યક્ષદર્શીના જણાવ્યાનુસાર, 'હોટલ અચાનક મોટો ધડાકો થતાં હું અને મારી પત્ની બહાર આવ્યા. લોકો હોટલની બહાર ઉભેલા લોકોને પોતાના બાળકો ફેંકી આપી રહ્યા હતા. એક મહિલાએ બારીમાંથી પોતાનું બાળક નીચે ફેંક્યું હતું.

# વડોદરા કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે નવા વિઝન વડોદરાને લીધે વિકાસ કામો પર બ્રેક..!




વડોદરા કોર્પોરેશનની ચૂંટણી આગામી નવેમ્બરમાં આવનાર છે તેને ધ્યાનમાં રાખી છેલ્લા પૂરની પરિસ્થિતિ થયા બાદ એક વર્ષથી કોર્પોરેશન દ્વારા વિકાસના કામો સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવતા હતા. પરંતુ તાજેતરમાં છેલ્લી બે સ્થાયી સમિતિની બેઠકમાં એક પણ વિકાસનું કામ રજૂ થયું નથી જેથી નવા કમિશનર અરુણ બાબુની નિયુક્તિ થતાં તેઓએ વિઝન વડોદરા-2030 જાહેર કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે હવે તેઓના વિઝન પ્રમાણે નવા વિકાસના કામો તૈયાર થશે. જેથી સ્થાયી સમિતિમાં આવતા વિકાસના કામો પર બ્રેક વાગી ગઈ છે તો બીજીબાજુ વધુ ભાવના ટેન્ડરોને કારણે કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થઇ ગઈ છે. તાજેતરમાં રાજ્ય સરકારે અચાનક મ્યુનિ.કમિશનર દિલીપ રાણાની બદલી કરવામાં આવતા તેમના સ્થાને મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુએ વિઝન વડોદરા 2030 નો નવો કન્સેપ્ટ રજૂ કર્યો છે. જેથી ગત બે અઠવાડિયાની સ્થાયી સમિતિમાં કામો રજૂ થતાં અટકી પડ્યા છે. જ્યારે ચૂંટણી વર્ષ હોવાથી ગત ફેબ્રુઆરીથી એપ્રિલ સુધીમાં રૂ.1244 કરોડના કામોની દરખાસ્ત આવી હતી. જ્યારે એક વર્ષમાં થયેલા વિકાસના કામોનું માર્ચના અંતે રૂ.1500 કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું હતું. મ્યુનિ.કમિશનર કહે છે, મારે 76 બેઠક ભાજપને જીતાડવાની છે...! ગૃહ રાજ્યમંત્રીએ સૂચના આપી કે ટેન્ડર પ્રક્રિયામાં ફેરફાર કરવા કોઈએ ફોન નહીં કરવો મ્યુનિ. કમિશનર અરૂણ બાબુએ હોદ્દો અખત્યાર કર્યો ત્યાર બાદ પાંચ પદાધિકારીની બેઠક યોજાઇ હતી. જેમાં તેઓએ વિઝન વડોદરાનો કન્સેપ્ટ રજૂ કર્યો. તેની સાથે સાથે તેઓએ સ્પષ્ટ જણાવી દીધુ કે, કોર્પોરેશનની સભામાં જો કોઈ કોર્પોરેટર ખોટી રીતે મારી સામે બોલશે તો હું સભા છોડી ચાલ્યો જઈશ. સભા સંચાલનનું કામ નેતા અને દંડકનું છે. હું એક વર્ષ માટે આવ્યો છું. મારે 76 બેઠક ભાજપને જીતાડવાની છે. કોઈની દખલગીરી ચ ાલશે નહીં. એજ રીતે તાજેતરમાં ગૃહ રાજ્યમંત્રી વડોદરાની મુલાકાતે આવ્યા હતા ત્યારે પાંચ પદાધિકારી અને ધારાસભ્યો, સંસદસભ્યને સૂચના આપી હતી કે, કોર્પોરેશનની ટેન્ડર પ્રક્રિયામાં શરતોમાં ફેરફાર કરવા કોઈએ કમિશનરને ફોન કરવાનો નથી. જે કોઈ કામ હોય તો કોર્પોરેશનના પાંચ પદાધિકારી એક થઈ નક્કી કરે તે કામ કમિશનરને કહેવાનું રહેશે. તેમણે સંસદસભ્ય ગેરહાજર હોવાની નોંધ લઈ તેઓને પણ આ સૂચનાની જાણ કરી દેજો તેમ તેમણે ઉમેર્યું હતું. મ્યુનિ. કમિશનર અને ગૃહ રાજ્યમંત્રીની આ પ્રકારની સ્પષ્ટ સૂચનાથી ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ગુજરાતીઓનું ગુજરાતી કલ્ચર નાસા સ્ટેશન, આર્કટિક સર્કલથી માંડી 129 દેશો સુધી ફેલાયેલું




પહેલી મે એટલે ગુજરાત સ્થાપના દિવસ. મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યો બન્યા. મહારાષ્ટ્રના નવાપુરાનું રેલ્વે સ્ટેશન અને ત્યાંનો બે રાજ્યોમાં વહેંચાયેલો એક બાકડો આજે પણ મુંબઈ રાજ્યમાંથી બનેલા ગુજરાત રાજ્યનો ઐતિહાસિક પુરાવો છે. આ રેલવે સ્ટેશનનો 500 મીટર ભાગ ગુજરાતમાં અને 300 મીટર મહારાષ્ટ્રમાં છે. 1961 પછી ગુજરાત અને તેની ગુજરાતી ભાષા યુનાઈટેડ નેશન્સના 190માંથી 129 દેશોમાં પોતાનો ડાયોસ્પોરિક વિસ્તાર ધરાવે છે. ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા પણ સદીઓથી ગુજરાતીઓએ અરબ સાગરને ખેડીને યુરોપ સુધીના દેશોમાં તો પોતાને વિસ્તાર વધાર્યો જ હતો. પરંતુ હાલની વાત કરીએ તો છેક આર્કટિક સર્કલ એટલે કે કેનેડના ઉત્તર છેડે આવેલા યેલોનાઈફમાં પણ ગુજરાતી સમુદાય વસે છે અને ગુજરાતી ભાષા બોલાય છે. આફ્રિકાના મડાગાસ્કરમાં ગુજરાતી મેગેઝીન અને નવરાત્રિનો માહોલ જામે છે. જ્યાં વિશ્વના સામાન્ય પ્રવાસીઓ જવા ટેવાયેલા નથી તેવા તમામ દેશોમાં ગુજરાતીઓ એ પોતાના ઘર બનાવ્યા છે. ગુજરાતી ડાયસ્પોરામાં ગુજરાતી ભાષા ક્યાં ક્યાં વપરાઈ છે તેવા પ્રશ્ન સામે સુનિતા વિલિયમ્સે જ્યારે 2012માં હેમ રેડિયો દ્વારા નાસા સ્પેસ સ્ટેશનમાંથી ગુજરાતી વિદ્યાર્થીનીઓ સાથે વાતો કરીને ગુજરાતના જોડાણને સ્થાપિત કર્યું હતું. આમ ગુજરાતી ભાષા નાસા સ્પેસ સ્ટેશનથી લઈને આર્કટિક સહિત વિશ્વના 129 દેશોમાં બોલાતી ભાષા છે. સાત કરોડ ગુજરાતીઓમાં 5,08,031 જેટલી વિવિધ અટકો છે. જેમાંથી ગુજરાતી 10,000થી વધુ અટકો વિવિધ દેશોની સંસ્કૃતિઓમાં ભળીને પોતાનું આગવું અસ્તિત્વ ધરાવે છે. અમેરિકા, કેનેડા, યુ.કે, યુરોપિયન દેશોમાં પાટીદારોની વિસ્તૃત હાજરી છે. પરંતુ આ ઉપરાંત ગુજરાતના અનેક સમુદાયોએ ગુજરાતી ડાયસ્પોરાનો ભાગ બનીને પોતાની ઓળખ ઊભી કરી છે. ફિજી, પોર્ટુગલ, મડાગાસ્કર, ઝાંઝીબાર જેવા અલગ ઓળખ ધરાવતા દેશોમાં ગુજરાતના ગરબા સ્પીકરોમાં વાગે છે. મડાગાસ્કરમાં ખોજા સમુદાયે ગુજરાતીપણું સાચવી રાખ્યું છે. અહીં દરેકના ઘરે ગુજરાતી સોવેનિયર અને મેગેઝીન આવે છે. ગુજરાતી તહેવારોની ઉજવણી થાય છે. યુ.કે.ના લેસ્ટરમાંથી પસાર થતાં ક્ષણિક યુ.કે.માં છીએ કે ક્યાંક ગુજરાતમાં જ છીએ એવા ફાફડા-જલેબીની દુકાનો વચ્ચે ગુજરાતી સંસ્કૃતિ સ્થાપિત થઈ ચૂકી છે. કેન્યામાં ગુજરાતી વેપારીઓને ત્યાં કામ કરતાં અનેક આફ્રિકનો પણ ગુજરાતી ભાષા બોલે છે. પોર્ટુગલમાં તો એક સમયે ત્યાંના રેડિયોમાં ગુજરાતી કાર્યક્રમો થતાં. સૌરાષ્ટ્રના વાંઝા દરજી સમાજે પોર્ટુગલમાં પોતાના વ્યવસાય થકી આગવી ઓળખ ઊભી કરી છે. 1લી મેના 1960ના રોજ મળેલું નાનકડું ગુજરાત હવે ગુજરાત વિશ્વના 129 દેશોમાં ધબકે છે. ગુજરાતી ડાયસ્પોરા ભારતીય ડાયસ્પોરાનો 33 ટકા હિસ્સો ધરાવે છે. આમ વિદેશ ગયેલા કુલ ભારતીયોમાંથી ત્રીજા ભાગના ગુજરાતીઓ છે. અમેરિકા, યુ.કે., કેનેડા, ફિજી, મલેશિયા, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, યુએઈમાં ગુજરાતી શીખવા માટે ઘણી જગ્યાએ ક્લાસીસ પણ ચલાવવામાં આવે છે.

# ચંડોળાના કુખ્યાત લલ્લા બિહારને ત્યાંથી પૈસા ગણવાનું મશીન, થેલા ભરી દસ્તાવેજો કબજે



: ચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ કરીને મકાન ભાડે આપીને મોટાપાયે કાળો કારોબાર કરનાર લલ્લા બિહારીના સામ્રાજ્યની એક પછી એક ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. જેમાં લલ્લા બિહારીની ચારેય પત્નીના અલગ અલગ મકાનમાં તપાસ કરીને ક્રાઈમબ્રાંચે નાણાં ગણવા માટેનું મશીન અને થેલા ભરીને ભાડા કરાર, મકાનોના ડોક્યુમેન્ટ જપ્ત કરવામાં આવ્યા હતા. અમદાવાદ ક્રાઈમબ્રાંચે લલ્લા બિહારીના કાળા કારોબારની ચોંકાવનારી વિગતો એકઠી કરી છે. જેમાં જાણવા મળ્યું હતું કે લલ્લા બિહારીની ચાર પત્ની દાણીલીમડા વિસ્તારમાં રહે છે. પોલીસે તેની ચારેય પત્ની જમીલાબાનું, ફિરોઝાબાનુ, તમન્ના અને રૂખશાનાબાનુના નિવેદન નોંધ્યા હતા. સાથે સાથે તેમના ચારેય મકાન પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં પોલીસને નુરે અહેમદી સોસાયટીના મકાનમાં નાણાં ગણવાનું મશીન મળી આવ્યું હતું. તેમજ ભાડા કરારની કોપી, ભાડા રસીદો, મકાનના દસ્તાવેજ મળી આવ્યા હતા. આ ઉપરાંત, મોટાપ્રમાણમાં રોકડ અને સોના દાગીના પણ જપ્ત કરાયા હતા. આમ, થેલા ભરીને મળી આવેલા દસ્તાવેજ પોલીસ માટે મહત્વની બની રહેશે અને ચોંકાવનારી વિગતો સામે આવવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે લગભગ અઢી દિવસની કામગીરી બાદ ઓપરેશન ચંડોલાને ગુજરાત સરકાર દ્વારા અચાનક જ આટોપી લેવાયું અને તમામ બુલડોઝર અને રોડ ડમ્પર ઘટનાસ્થળેથી ગાયબ જ થઇ ગયાનો દાવો કરવામાં આવ્યો હતો. હવે આ કોના ઈશારે થયું છે તે ચર્ચાનો વિષય છે. આ મામલે રાજકીય દબાણ આવ્યાની પણ ચર્ચા છે.

# વડોદરા LCBએ કપૂરાઈ રેલ્વે બ્રિજ પાસેથી દારૂનો જથ્થો ભરેલ લક્ઝરીયસ કાર સાથે બુટલેગરને ઝડપી પાડ્યો, 6 વોન્ટેડ



એલસીબી ઝોન 3ની ટીમને કપુરાઈ રેલ્વે બ્રિજ પાસેથી દારૂનો જથ્થો ભરેલ લક્ઝરીયસ કારને ઝડપી પાડવામાં સફળતા મળી છે. કપૂરાઈ પોલીસે કારચાલક બુટલેગરની પ્રોહીબિશનના ગુનામાં ધરપકડ કરી રૂ.2.74 લાખ ઉપરાંતના દારૂ-બિયરના જથ્થા સાથે કુલ રૂ.8.79 લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી અન્ય છ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસને જોતા જ કારની ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલ શખ્સ હાઈવે પરના ટ્રાફિકનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.પોલીસથી બચવા ભાગવાનો પ્રયાસ કરતા કારને નુકસાન પહોંચ્યુંગતરાત્રે એલસીબી ઝોન 3ને ચોક્કસ માહિતી મળી હતી કે, નરેશ ઉર્ફે ઘેટી રમેશભાઈ રાવળ (રહે-મકરપુરા ગામ) તથા રોહિત રાવજી ભાભોર (રહે-થાલા ગામ, લીમડી, દાહોદ ) લક્ઝરીયસ કારમાં દારૂનો જથ્થો લઈ કપુરાઈ ચોકડીથી તરસાલી બ્રિજ તરફ પસાર થનાર છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી કપુરાઈ રેલવે બ્રિજ ખાતે કારને કોર્ડન કરવા જતા કારમાં ડ્રાઈવિંગ સીટની બાજુમાં બેસેલ શખ્સ હાઈવે પરના ટ્રાફિકનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. અને પોલીસથી બચવાનો પ્રયાસ કરતા કારના ડ્રાઈવર સાઈડના દરવાજા તથા આગળના કાચને નુકસાન થયેલ છે. કારમાંથી રૂ.2.74 લાખની કિંમતના 1066 નંગ બિયરના ટીન તથા દારૂની બોટલો મળી આવીકારચાલક નરેશ ઉર્ફે ઘેટીને પોલીસે ઝડપી પાડી કારની તલાશી લેતા ડેકીમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિવિધ બ્રાન્ડની દારૂની નાની-મોટી બોટલો તથા બિયરના ટીન રૂ.2,74,768ની કિંમતના કુલ નંગ 1066, એક મોબાઈલ ફોન તથા કાર સહિત કુલ રૂ.8,79,778નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આરોપી શહેરના દક્ષિણ વિસ્તારમાં દારૂનો જથ્થો સપ્લાય કરતો હતો પોલીસની પ્રાથમિક પૂછતાછમાં આરોપીએ આ દારૂનો જથ્થો આણંદ ખાતેથી અરવિંદ રમસુભાઈ બારીયા (રહે- આણંદ/મૂળ રહે-લીમડી ,દાહોદ) એ કારમાં ભરી આપ્યો હોય અને તેમાંથી મકરપુરા વિસ્તારમાં અજય હરેશભાઈ જગતાપ (રહે-રેવંતા ફ્લેટ ,મકરપુરા ), અતુલ વાની (રહે-મકરપુરા ગામ ), સન્ની ગુલાબસિંહ ઠાકોર (રહે-મકરપુરા ગામ ) અને પકો (રહે-વડસર )ની માંગ મુજબ દારૂની પેટીઓ સપ્લાય કરવાનો હોવાની કબુલાત કરી હતી. આરોપીએ અગાઉ પણ આ પ્રકારે લોકોને દારૂનો જથ્થો લાવી સપ્લાય કર્યો છે. જ્યારે કારમાંથી નાસી છૂટનાર શખ્સ રોહિત ભાભોર હોવાનું બહાર આવ્યું છે.

# કુપોષિત ગુજરાત: 37% બાળકો અવિકસિત, 20%નું વજન ઓછું અને તોય પોષણ પખવાડિયાની ઉજવણી



ગુજરાત સરકાર દ્વારા એક તરફ પોષણ પખવાડીયા દ્વારા બાળકો, સગર્ભા માતાઓ, કિશોરીઓના પોષણને સુનિશ્ચિત કરવા માટે વિવિધ દાવા કરવામાં આવી રહ્યા છે. જ્યારે બીજી તરફ કુપોષણને મામલે સ્થિતિ અત્યંત બદતર છે. ગુજરાતના બાળકોમાં અવિકસિત હોવાનું પ્રમાણ 39. 53 ટકા જેટલું હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ 19.84 બાળકો ઓછું વજન ધરાવે છે.દેશમાં સરેરાશ 39.09 ટકા બાળકો અવિકસિતપ્રાપ્ત માહિતી અનુસાર, શૂન્યથી પાંચ વર્ષની વયના બાળકોમાં ગુજરાતમાં ઓછા વજનની સમસ્યા સૌથી વધુ ધરાવતા રાજ્યમાં ઉત્તર પ્રદેશ 48.72 ટકા સાથે મોખરે છે. આ યાદીમાં બિહાર બીજા, મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને છે. રાહતની વાત એ છે કે, ગુજરાતમાં બાળકોમાં અવિકસિત હોવાનું પ્રમાણ છેલ્લા 3 વર્ષમાં ઘટ્યું છે. વર્ષ 2023માં 51.80 ટકા, 2024માં 43.48 ટકા બાળકો અવિકસિત હોવાની સમસ્યા ધરાવતા હતા. હવે આ પ્રમાણ ઘટીને 36.53 ટકા થયું છે. સમગ્ર દેશમાં હાલ સરેરાશ 39.09 ટકા બાળકો અવિકસિત છે. આમ, દેશમાં સરેરાશની સરખામણીએ ગુજરાતની સ્થિતિ આંશિક સારી છે. આ સિવાય રાજ્યમાં હાલ 3.35 ટકા બાળકો ઊંચાઈની સરખામણીએ ઓછું વજન ધરાવે છે. આ પ્રમાણ 2023માં 8.30 ટકા હતું અને તેમાં પણ હવે આંશિક સુધારો જોવા મળ્યો છે. બીજી તરફ પાંચ વર્ષની વય સુધીના 19.84 ટકા બાળકો ઓછા વજનની સમસ્યા ધરાવે છે. બાળકોમાં ઓછા વજનની સૌથી વધુ સમસ્યા હોય તેમાં બિહાર 24.09 ટકા સાથે મોખરે છે. આ પણ વાંચો: ચંડોળાથી હટાવ્યાં તો અમદાવાદના જ લાંભાના ગણેશનગરમાં ગેરકાયદે વસાહત ઊભી થવાનો ડર!સરકારના દાવા પ્રમાણે સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓને પૂરક પોષણ, રસીકરણ, આરોગ્ય તપાસ અને રેફરલ સેવાઓ પૂરી પાડે છે. 6 મહિનાથી 3 વર્ષના બાળકોને ટેક-હોમ રાશન તથા આંગણવાડીમાં 3થી 6 વર્ષના આશરે 15.64 લાખથી વધુ બાળકોને દૈનિક સવારનો ગરમ નાસ્તો અને ગરમ રાંધેલા બપોરના ભોજનની સુવિધા આપવામાં આવે છે.

# ઓપરેશન ચંડોળા રફે દફે કરી પાટીલ-સંઘવી મોદીની પ્રતિષ્ઠા ખરડી રહ્યાં છે



છેલ્લાં ઘણા વખતથી ગુજરાતમાં ગુનાખોરી બેકાબુ બની છે. બુટલેગરોથી માંડી ભૂમાફિયા જ નહીં, ભ્રષ્ટ ખાખી વર્દીને મોકળું મેદાન મળ્યુ છે. ગુજરાત ડ્રગ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બન્યું છે. તો ઘૂસણખોરોને પણ ગુજરાતમાં બિન્દાસપણે આશરો મળી રહ્યો છે. છડેચોક ખંડણી ઉઘરાવતાં વેપારી વર્ગ ભયના માહોલમાં છે. અપહરણ, છેડતી, બળાત્કારના કિસ્સા વધતાં મહિલાઓ અસલામતી અનુભવી રહી છે. સમગ્ર પરિસ્થિતિને જોઇએ તો ગુજરાતમાં કાયદા વ્યવસ્થાના જાણે લીરેલીરાં ઉડ્યાં છે. નિષ્ફળ ગૃહમંત્રી હર્ષ સંઘવી અને સી.આર.પાટીલની જોડીએ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા ધૂળધાણી કરી છે કેમ કે, એક સમયે વહીવટી તંત્ર પર પક્કડ હોવાના કારણે ગુજરાતીઓએ મોદીના શાસનમાં સુશાસન રાજનો અનુભવ કર્યો હતો. પણ ગુજરાતીઓ જાણે માફિયારાજનો અહેસાસ કરી રહ્યાં છે. 00:00/01:48નરેન્દ્ર મોદીની ગુજરાતના વહીવટી તંત્ર પર ભારે પક્કડ હતી. એટલી હદે કે, ભ્રષ્ટ અધિકારીઓને કોઈ સ્થાન જ ન હતું. ખાસ કરીને કાયદા વ્યવસ્થા પર તો એવો કાબુ હતોકે, ગુનેગારો ભૂગર્ભમાં ઉતરી પડ્યા હતાં. ગુનાખોરીનો ગ્રાફ નીચે ઉતર્યો હતો. ગુજરાતીઓ શાંત-સલામત ગુજરાતની અહેસાસ કરી રહ્યાં હતાં. પણ તેમની દિલ્હી વિદાય પછી ગુજરાત જાણે રેઢુ મૂકાયું છે. ભ્રષ્ટ અધિકારીઓએ વહીવટી તંત્ર પર કબજો જમાવી દીધો છે. ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી ધીરે ધીરે કથળી રહી છે. જે ગુજરાત મોડેલનું નરેન્દ્ર મોદીએ કર્યું હતું તે મોડેલ આજે હાંસીનું પાત્ર બની રહ્યું છે. તેના માટે ભાજપના વર્તમાન શાસકો જવાબદાર છે. ચંડોળા તળાવ બાંગ્લાદેશીઓનું એપી સેન્ટર બની રહ્યું છે. આબાંગ્લાદેશીઓ અલ કાયદાના સ્લિપર સેલની સક્રિય ભૂમિકા ભજવી રહ્યાં છે. આ વિસ્તારમાં ડ્રગ્સનો મોટો કારોબાર થઈ રહ્યો છે. વેશ્યાવૃતિથી માંડીને માનવ તસ્કરી પણ આ વિસ્તારમાં ધમધમી રહી હતી તેવો ગુજરાત પોલીસે ખુલાસો કર્યો છે. એટલું જ નહી, આ વિસ્તારમાં મેગા ડિમોલેશન કરીને મ્યુનિ.કોર્પોરેશન અને સરકારે વાહવાહી મેળવી છે. ચંડોળામાં ગેરકાયદેસર દબાણોનો સફાયો કરવા ગાંધીનગરથી અપાયેલી સૂચનાઓ વિરુધ્ધ આદેશ આપી પાટીલ અને હર્ષ સંઘવી જ સરકારી તંત્રને કામ કરવા દેતા નથી. અત્યારે તો કમલમમાં જીવ અને ધાર્યું કરાવો. અત્યારે બધા જાણે છે એમ, સરકાર ગાંધીનગરથી નહી, કમલમથી ચાલી રહી છે. રાજ્યપાલ ભવન કે મુખ્યમંત્રી કાર્યાલયથી માંથી ભલે અધિકારીઓ સૂચના આપે તો પણ કોઈ કામ થતા નથી. સી.આર.પાટીલ અને હર્ષ સંઘવીનો જ આદેશ થાયતો કામ આગળ વધે. મંત્રીઓનું પણ કોઈ સાંભળતુ નથી. સી.આર.પાટીલ અને સંઘવીની મદદથી ધાર્યું કામ કરાય છે. ભૂમાફિયા-બુટલેગરો અને ગુનેગારોએ કમલમ પર કબજો મેળવી લીધો છે. ચૂંટણી ફંડ આપી ધાર્યા કામો કરાવે છે. એટલે જ ચંડોળા તળાવમાં પણ ગેરકાયેદસર બાંધકામો કરનારાં ભૂમાફિયાઓ સાથે પણ ગોઠવણ પાડવામાં આવી છે. હજુ ઘણું દબાણ દૂર કરવાનુ બાકી છે ત્યાં રુક જાઓનો આદેશ આપી દેવાયો છે. જે ઘણું બધુ સૂચવી જાય છે. ટૂંકમાં, ગૃહમંત્રી હર્ષ સંઘવી-પાટીલની જોડી સરકારને બદનામી વ્હોરવી પડે તેવા રાજકીય અખતરાં કરી રહ્યાં છે.

# વિવાદોમાં ફસાયો વિજય દેવરાકોંડા, દાખલ થઈ ફરિયાદ:પહેલગામ પર નિવેદન આપવાના ચક્કરમાં એક્ટર આદિવાસીઓનું અપમાન કરી બેઠો

વિજય દેવરાકોંડા તેમની આગામી ફિલ્મ 'કિંગડમ' માટે સતત સમાચારમાં રહે છે. એવામાં એક કાર્યક્રમ દરમિયાન પહેલગામ આતંકી હુમલા પર નિવેદન આપવું એક્ટરને ભારે પડ્યું છે.

આ નિવેદનથી એક નવો કાનૂની વિવાદ ઊભો થયો છે. એક અહેવાલો મુજબ, એડવોકેટ કિશન લાલ ચૌહાણે હૈદરાબાદના એસઆર નગર પોલીસ સ્ટેશનમાં વિજય દેવરાકોંડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રેટ્રોના પ્રી-રિલીઝ ઈવેન્ટમાં એક્ટરના નિવેદનોથી આદિવાસીઓની લાગણીઓને ઠેસ પહોંચી છે. તેમણે કોપીમાં રેટ્રો પ્રી-રિલીઝ ઈવેન્ટના વીડિયોના સ્ક્રીનશોટ પણ જોડ્યા છે. ફરિયાદમાં પુરાવા તરીકે તેમના નિવેદન પર મીડિયા દ્વારા પ્રકાશિત થયેલા સમાચારોની નકલો પણ સામેલ કરી છે.

ફરિયાદીએ એક્ટર પાસેથી શક્ય તેટલી વહેલી તકે માફી માંગવા પણ કહ્યું છે.ઘણા આદિવાસી સંગઠનો સાથે સંકળાયેલા લોકોએ વિજયના નિવેદનની સખત નિંદા કરી છેઘણા આદિવાસી સંગઠનો સાથે સંકળાયેલા લોકોએ વિજયના નિવેદનની સખત નિંદા કરી છેવિજય દેવરાકોંડા શું કહ્યું હતું?



રેટ્રો પ્રી-રિલીઝ ઈવેન્ટમાં વિજય દેવરકોંડાએ પહેલગામ હુમલા પર કહ્યું હતું કે, કાશ્મીરમાં જે થઈ રહ્યું છે તેનો ઉકેલ આતંકવાદીઓને શિક્ષિત કરવાનો અને તેમનું બ્રેઈનવોશ થતું અટકે તેની ખાતરી કરવાનો છે. તેઓ શું પ્રાપ્ત કરશે? કાશ્મીર ભારતનું છે.

કાશ્મીર આપણું છે. ભારતને પાકિસ્તાન પર હુમલો કરવાની પણ જરૂર નથી કારણ કે પાકિસ્તાનીઓ પોતે જ તેમની સરકારથી કંટાળી ગયા છે. જો આ ચાલુ રહેશે, તો તેઓ પોતે જ તેમના પર હુમલો કરશે. હકીકતમાં, જેમ 500 વર્ષ પહેલાં આદિવાસીઓ લડતા હતા, તેમ આ લોકો પણ કોઈ બુદ્ધિ અને સમજણ વગર એ જ કામ કરી રહ્યા છે.

આ મામલે વિજય દેવરકોંડા અને તેમની ટીમ તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.આદિવાસીઓને બુદ્ધિહીન કહેવાનું હવે વિજય દેવરકોંડાને મોંઘુ પડી રહ્યું છેઆદિવાસીઓને બુદ્ધિહીન કહેવાનું હવે વિજય દેવરકોંડાને મોંઘુ પડી રહ્યું છેપોલીસે તપાસ કરી છે.

દરમિયાન, આ વિવાદ પર વિજય તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી. હાલ બધાની નજર ગૌતમ તિન્નાનુરી દ્વારા ડિરેક્ટેડ 'કિંગડમ' પર છે.

આ ફિલ્મ 30 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મમાં લીડ એક્ટ્રેસ વિશે સસ્પેન્સ લાંબા સમય સુધી રહ્યું. જોકે, કિંગડમના પહેલા સિંગલ 'હૃદયમ લોપ્પલા' ના રિલીઝ સાથે, નિર્માતાઓએ પુષ્ટિ આપી છે કે તે બીજું કોઈ નહીં પણ ભાગ્યશ્રી બોર્સે છે જે એક્શન ડ્રામામાં વિજય સાથે રોમાન્સ કરશે.વિજય દેવરાકોંડા ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગડમ'માં જોવા મળશેવિજય દેવરાકોંડા ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગડમ'માં જોવા મળશેરશ્મિકા મંદાના અને વિજય દેવરાકોંડાની જોડી ખૂબ જ ચર્ચિત છે વિજય તેની પર્સનલ લાઈફના કારણે પણ ખૂબ ચર્ચામાં રહે છે.

લાંબા સમયથી એવી અટકળો ચાલી રહી છે કે તે એક્ટ્રેસ રશ્મિકા મંદાનાને ડેટ કરી રહ્યો છે. તે કોઈ નવી વાત નથી.

જોકે બંનેએ ક્યારેય તેની પુષ્ટિ કે ઇનકાર કર્યો નથી, પરંતુ સમાન બેકગ્રાઉન્ડ અને ઘણી સમાનતાઓ સાથેના ફોટોએ તેમના ફેન્સમાં ચર્ચા વધારી દીધી છે.

# ચિંતાતુર ફેન્સે ખબરઅંતર પૂછવાનું શરૂ કર્યું; એક્ટ્રેસે કહ્યું- બ્લડ પ્રેશર ઘટી ગયું હતું, હવે સારું છે



'દિયા ઔર બાતી હમ' ફેમ એક્ટ્રેસ દીપિકા સિંહ ઘણીવાર પોતાના ડાન્સ વીડિયોને કારણે હેડલાઈન્સમાં રહે છે, તેને તાજેતરમાં હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. એક્ટ્રેસે પોતે હોસ્પિટલમાં ડ્રિપ લેતી વખતની તસવીર શેર કરીને એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે. એક્ટ્રેસની તસવીર જોઈને ચાહકો ચિંતિત થવા લાગ્યા ત્યારે તેણે હોસ્પિટલમાં દાખલ થવાનું કારણ જણાવ્યું હતું.દીપિકા સિંહે ગુરુવારે મોડી રાત્રે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર આ તસવીર શેર કરી અને લખ્યું, આ પણ મારા જીવનનું એક સત્ય છે. ડૉક્ટર, મારો જીવ ફરીથી બચાવવા બદલ આભાર.જ્યારે ફેન્સે એક્ટ્રેસની હાલત જોઈને તેને સવાલ પૂછવાનું શરૂ કર્યું, ત્યારે દીપિકાએ એક વીડિયો શેર કર્યો અને કહ્યું, 'નમસ્તે મિત્રો, હું હવે ઠીક છું અને ઘરે પાછી આવી ગઈ છું. મારું બ્લડ પ્રેશર ઘટી ગયું હતું, એ સાચું છે, પણ હું સેટ પર નહોતી. આજે મારી રજા હતી. એસિડિટી થોડી વધી ગઈ હતી, જેના કારણે મને માથાનો દુખાવો થવા લાગ્યો અને મારું બ્લડ પ્રેશર ઘટી ગયું. તેના કારણે મને બોટલ ચડાવવી પડી. હવે હું ઠીક છું. બોટલ ચઢવામાં દોઢ કલાક લાગે છે. સોડિયમની ઊણપ થાય છે, તેથી મારું બીપી ઘટી ગયું હતું. મને એસિડિટી અને ઊલટી થઈ હતી જેના કારણે બ્લડ પ્રેશર ઓછું થયું. પણ હવે હું ઠીક છું, તમારે ચિંતા કરવાની જરૂર નથી. હું કાલે સેટ પર જઈશ અને શૂટિંગ કરીશ. ચિંતા ના કરો.'મંગલ લક્ષ્મીના સેટ પર અકસ્માત થયો હતો.ગયા વર્ષે, ટીવી એક્ટ્રેસ દીપિકા સિંહ તેના શો 'મંગલ લક્ષ્મી'ના સેટ પર ઘાયલ થઈ હતી.


# કહ્યું- સ્ક્રીન પર સ્મોકિંગ વોર્નિંગ કળાની અભિવ્યક્તિ સામે મોટો ખતરો; હેલ્થ ડિસ્ક્લેમર દર્શકોનો મૂડ ખરાબ કરે છે



ફિલ્મ પ્રોડ્યુસર અનુરાગ કશ્યપ ઘણીવાર પોતાનાં નિવેદનોને કારણે સમાચારમાં રહે છે. તાજેતરમાં, તેણે ફિલ્મોમાં પાત્રોને ડ્રગ્સનું સેવન કરતા બતાવવા માટે સ્ક્રીન પર દર્શાવવામાં આવતી સ્મોકિંગ વોર્નિંગ સામે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે આવી ચેતવણીઓ દર્શકોને પરેશાન કરે છે.ઈન્ડીવાયર સાથે વાત કરતા, અનુરાગ કશ્યપે કહ્યું, "સિનર્સ જેવી મૂડ-ડ્રિવન ફિલ્મોમાં, ધૂમ્રપાન અને દારૂ પીવા સામે તે ક્ષણે દર્શાવાતી સ્મોકિંગ વોર્નિંગ દર્શકોને એ ઊંડો અનુભવ થવા દેતી નથી જેના માટે ફિલ્મ નિર્માતાએ ખૂબ મહેનત કરી હોય છે. તે (સ્મોકિંગ વોર્નિંગ) ફિલ્મના મૂડ અને બિલ્ડ-અપ પ્રક્રિયાને બગાડે છે. એટલું જ નહીં, X પ્લેટફોર્મ પર દર્શકોએ પણ આવી જ લાગણીઓ શેર કરી છે.'આ પહેલી વાર નથી જ્યારે કશ્યપે સીબીએફસી સમક્ષ ધૂમ્રપાન અંગેના ડિસ્ક્લેમર સામે વાંધો ઉઠાવ્યો હોય. અગાઉ 2013 માં, તેમણે તેમની ફિલ્મ 'અગ્લી'માં આવા ડિસ્ક્લેમરનો સમાવેશ કરવાની બોર્ડની માગ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ મામલો કોર્ટમાં લઈ જવા છતાં, કેસ લંબાયો, ફિલ્મ લીક થઈ ગઈ અને અંતે તેને તે ડિસ્ક્લેમર સાથે ફિલ્મ રિલીઝ કરવી પડી.'સ્મોકિંગ વોર્નિંગ દર્શકોનો મૂડ ખરાબ કરે છે'- અનુરાગ કશ્યપ'સ્મોકિંગ વોર્નિંગ દર્શકોનો મૂડ ખરાબ કરે છે'.

# 'હા, મેં પણ મારું યુરિન પીધું છે':પરેશ રાવલ બાદ 'આશિકી' એક્ટ્રેસ અનુ અગ્રવાલનો દાવો, કહ્યું- એનાથી ઘડપણ નથી આવતું

બોલિવૂડના દિગ્ગજ એક્ટર પરેશ રાવલ હંમેશાં કોઈ ને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. પરેશ ફક્ત તેની ફિલ્મોને કારણે જ નહીં, પરંતુ તેમનાં નિવેદનોને કારણે પણ સમાચારમાં રહે છે, પરંતુ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે- તેમની સારવાર માટે તેમણે અજય દેવગનના પિતાના કહેવા પર પોતાનું યુરિન પીધું હતું. એટલું જ નહીં, તેમણે એવો પણ દાવો કર્યો કે આ સલાહ તેમના માટે ઉપયોગી સાબિત થઈ. હવે 'આશિકી' ગર્લ અનુ અગ્રવાલે પણ આ દાવાને સ્વીકાર્યો છે. તેણે કહ્યું હતું કે- પરેશ રાવલની જેમ તેણે પણ પોતાનું યુરિન પીધું છે. એક્ટ્રેસે તો એના ઘણા ફાયદાઓ પણ ગણાવી દીધા.પરેશ રાવલને 'આશિકી' ગર્લે ટેકો આપ્યો અનુ અગ્રવાલને પૂછવામાં આવ્યું કે પરેશ રાવલના પેશાબથી સાજા થવાના દાવા પર તમારું શું કહેવું છે? પરેશ રાવલને ટેકો આપતાં અનુ અગ્રવાલે ઈન્સ્ટન્ટ બોલિવૂડને કહ્યું, 'ઘણા લોકો આ જાણતા નથી... ભલે એ અજ્ઞાન હોય, પરંતુ પેશાબ પીવાને અમરોલી કહેવામાં આવે છે, એ વાસ્તવમાં હઠયોગમાં એક મુદ્રા છે.' મેં એનો જાતે અભ્યાસ કર્યો છે. આપણે બધાએ એનો પ્રયાસ કર્યો છે અને એ મહત્ત્વપૂર્ણ છે,



પણ એક વાત યાદ રાખો કે તમારે સમગ્ર યુરિનનો પ્રવાહ નથી પીવાનો હોતો.

અનુ અગ્રવાલે જણાવ્યું કે- પેશાબ વૃદ્ધત્વવિરોધી કાર્યમાં પણ મદદ કરે છે. આનાથી ત્વચા કરચલીઓ નથી પડતી. તેણે કહ્યું કે- સ્વાસ્થ્ય ઉપરાંત આ એક સારી વસ્તુ છે, 'મેં પોતે પણ એનો ઉપયોગ કરેલો છે.'1996 પછી અનુ ફિલ્મી દુનિયામાંથી ગાયબ થઈ ગઈ છે. એક્ટ્રેસ યોગ અને આધ્યાત્મિકતા તરફ વળી ગઈ.1996 પછી અનુ ફિલ્મી દુનિયામાંથી ગાયબ થઈ ગઈ છે. એક્ટ્રેસ યોગ અને આધ્યાત્મિકતા તરફ વળી ગઈ.'વિજ્ઞાન ખોટું, યોગશાસ્ત્ર સાચું' આ પછી જ્યારે અનુને પૂછવામાં આવ્યું કે- વિજ્ઞાન તો આવી પ્રથાઓમાં નથી માનતું. આના જવાબમાં તેણે કહ્યું- વિજ્ઞાન કેટલું જૂનું છે? લગભગ 200 વર્ષ. પણ યોગ? એ 10,000 વર્ષથી વધુ સમયથી અસ્તિત્વ ધરાવે છે. તો તમે કોની બુદ્ધિ પર વિશ્વાસ કરશો? હું તો યોગને સમર્થન આપું છું. હું યોગા જીવું છું. અનુનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.શું છે સમગ્ર ઘટના? તાજેતરમાં પરેશ રાવલે 'ધ લલ્લાન્ટોપ' સાથે વાત કરતાં જણાવ્યું હતું કે ફિલ્મ 'ઘાતક' ના શૂટિંગ દરમિયાન તે એક્ટર રાકેશ પાંડે સાથેના એક સીનમાં ઘાયલ થયો હતો. આ પછી ડેની ડેન્ઝોંગ્પા અને ટીનુ આનંદ તેને નાણાવટી હોસ્પિટલ લઈ ગયા. વીરુ દેવગને તેમને દરરોજ સવારે પોતાનો પેશાબ પીવાની સલાહ આપી હતી. વીરુ દેવગને તેમને કહ્યું, 'બધા ફાઈટર આવું કરે છે. તને ક્યારેય કોઈ સમસ્યા નહીં થાય.' આ પછી પરેશ 15 દિવસ સુધી દરરોજ તેમનું યુરિન પીતા હતા.

# WAVES સમિટમાં લાઈકા ગ્રુપ અને મહાવીર જૈન ફિલ્મ્સની મોટી જાહેરાત, ઈન્ટરનેશનલ લેવલની 9 ફિલ્મો બનાવશે




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવાર, 1 મેના રોજ મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) 2025નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે રજૂ કરેલા વિઝનથી પ્રેરિત થઈને, હવે લાઈકા ગ્રુપ (યુકે-યુરોપ) અને મહાવીર જૈન ફિલ્મ્સ સાથે મળીને બે વર્ષમાં 9 ભારતીય ફીચર ફિલ્મોનું નિર્માણ કરશે, જે વિશ્વભરમાં રિલીઝ થશે.વેવ્ઝ સમિટમાં વ્યક્ત કરાયેલી પ્રતિબદ્ધતા 'વેવ્સ' સમિટમાં લાઈકા ગ્રુપના ચેરમેન ડૉ. અલીરાજાહ સુબાસ્કરન અને મહાવીર જૈને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગનને મળ્યા હતા. આ દરમિયાન તેમણે ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.વેવ્સ સમિટ 2025, લાઈકા ગ્રુપ અને મહાવીર જૈન ફિલ્મ્સવેવ્સ સમિટ 2025, લાઈકા ગ્રુપ અને મહાવીર જૈન ફિલ્મ્સડૉ. સુબાસ્કરન અને મહાવીર જૈને એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત ભાગ્યશાળી છે કે તેને એક સ્વપ્નદ્રષ્ટા, ઊર્જાવાન અને સંવેદનશીલ પ્રધાનમંત્રી મળ્યા છે. ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને ફિલસૂફીને સિનેમેટિક શ્રેષ્ઠતા સાથે દુનિયા સમક્ષ લઈ જવાનો આ યોગ્ય સમય છે. આપણી ફિલ્મો પ્રેમ, કરુણા અને એકતાનો સંદેશ ફેલાવશે.₹ તેમણે કહ્યું કે આ નવ ફિલ્મો પીએમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક નાનો પ્રયાસ છે. પીએમ મોદી ભારત અને દુનિયાને વધુ સારી જગ્યા બનાવવા માટે અથાક મહેનત કરી રહ્યા છે.લાઈકા ગ્રુપ શું છે? લાઈકા ગ્રુપ એક આંતરરાષ્ટ્રીય કંપની છે જે 23 દેશોમાં ટેલિકોમ્યુનિકેશન, આરોગ્ય, મુસાફરી, મનોરંજન અને અન્ય ઘણા ક્ષેત્રોમાં કાર્યરત છે. એટલું જ નહીં, લાઈકા ગ્રુપની શાખા, લાઈકા પ્રોડક્શન્સે રજનીકાંત સાથે 'રોબોટ 2.0' અને મણિરત્નમ સાથે પોનીયિન સેલ્વન I અને II જેવી મોટા બજેટની ફિલ્મો બનાવી છે.મહાવીર જૈન ફિલ્મ્સ શું છે? મહાવીર જૈન ફિલ્મ્સે રાજશ્રી પ્રોડક્શન્સ સાથે ફિલ્મ 'ઉંચાઈ' માટે કામ કર્યું છે.

# કહ્યું- સાઈકોલોજિક થ્રિલર વાર્તાઓમાં કામ કરવા ઈચ્છું છું; ડાન્સ મારો શોખ, એક્ટિંગ મારું સ્વપ્ન



'બેબી', 'હમારી અધૂરી કહાની' અને 'બિગ બોસ' જેવાં શોમાં પોતાની ખાસ ઓળખ બનાવનાર મધુરિમા તુલી ટૂંક સમયમાં જ જોન અબ્રાહમ સાથે ફિલ્મ 'તેહરાન'માં જોવા મળશે. આ પ્રસંગે તેણે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી. ઈન્ટરવ્યૂના કેટલાક રસપ્રદ અંશો વાંચો...મધુરિમા અમે સાંભળ્યું છે કે તમે 'તેહરાન' ફિલ્મમાં જોવા મળવાના છો. તમે આ પ્રોજેક્ટ સાથે કેવી રીતે જોડાયા?'તેહરાન'માં હું જોન અબ્રાહમની પત્નીની ભૂમિકા ભજવી રહી છું. આ એક સુંદર ભૂમિકા છે જેમાં એક પરિવારનું હૃદય અને આત્મા છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન મને બધા સાથે કામ કરવાની ખૂબ મજા આવી. આ ફિલ્મમાં માનુષી છિલ્લર અને નીરુ બાજવા પણ છે. તે મેડોક ફિલ્મ્સ દ્વારા નિર્મિત થઈ રહી છે અને સમગ્ર ટીમ સાથે કામ કરવાનો અનુભવ અદ્ભુત રહ્યો છે.''અચાનક આ પ્રોજેક્ટ માટે મારો સંપર્ક કરવામાં આવ્યો.ફિલ્મનું શૂટિંગ પહેલેથી જ ચાલી રહ્યું હતું પણ મને છેલ્લી ઘડીએ ફોન આવ્યો.

# તેનાં એફએમ રેડિયો સ્ટેશનો પરથી પ્રસારણ બંધ કરી દીધું; પાકિસ્તાનના મંત્રીએ કહ્યું- આ પગલું રાષ્ટ્રની સામૂહિક ભાવના




પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે તમામ પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકી દીધો છે. તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પણ બ્લોક કરી દેવામાં આવ્યાં છે. આ સાથે, ભારતમાં 16 પાકિસ્તાની યુટ્યુબ ચેનલો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ગુસ્સે ભરાયેલા પાકિસ્તાને હવે વળતી પ્રતિક્રિયા રૂપે ભારતીય ગીતો પર પણ પ્રતિબંધ મૂકી દીધો છે.પાકિસ્તાને ગુરુવાર, 1લી મેએ તેના એફએમ રેડિયો સ્ટેશનો પરથી ભારતીય ગીતોનું પ્રસારણ બંધ કરી દીધું છે. આ માહિતી પાકિસ્તાન બ્રોડકાસ્ટર્સ એસોસિએશન (P B A) ના જનરલ સેક્રેટરી શકીલ મસૂદે પોતે આપી હતી. તેમણે કહ્યું, 'પીબીએએ તાત્કાલિક અસરથી દેશભરના પાકિસ્તાની એફએમ રેડિયો સ્ટેશનો પર ભારતીય ગીતોનું પ્રસારણ બંધ કરી દીધું છે.'પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે પાકિસ્તાન બ્રોડકાસ્ટર્સ એસોસિએશન (PBA) ના નિર્ણયની પ્રશંસા કરી છે. પીબીએને લખેલા પત્રમાં તેમણે કહ્યું કે, 'પીબીએ દ્વારા લેવાયેલું આ દેશભક્તિનું પગલું ખૂબ જ પ્રશંસનીય છે અને સમગ્ર રાષ્ટ્રની સામૂહિક ભાવનાને પ્રતિબિંબિત કરે છે.'તેમણે એમ પણ કહ્યું કે 'પાકિસ્તાનના એફએમ સ્ટેશનો પર ભારતીય ગીતો પર પ્રતિબંધ એ હકીકતનું પ્રતીક છે કે આવા મુશ્કેલ સમયમાં, આપણે બધા રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવા અને આપણા મૂલ્યોનું રક્ષણ કરવા માટે એક થયા છીએ.'નોંધનીય છે કે, પાકિસ્તાનીઓમાં ભારતીય ગીતો ખૂબ જ લોકપ્રિય છે. ખાસ કરીને લતા મંગેશકર, મોહમ્મદ રફી, કિશોર કુમાર અને મુકેશ જેવા ગાયકોનાં ગીતો ખૂબ જ લોકપ્રિય છે. એટલું જ નહીં, તેમનાં ગીતો અહીંના એફએમ રેડિયો સ્ટેશન પર દરરોજ પ્રસારિત થતા હતા.

# કહ્યું- તે બધું ફેક છે, મુનીર વિશે બોલ્યાની વાત મનઘડંત; પીએમ મોદીને વિનંતી કર્યાની વાત ખોટી

પહેલગામ આતંકવાદી હુમલા અને ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે, ભારતમાં ઘણા પાકિસ્તાની કલાકારોના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કલાકારોમાં હાનિયા આમિર પણ સામેલ છે.આ દરમિયાન, સોશિયલ મીડિયા પર એક નિવેદન વાયરલ થયું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે હાનિયા આમિરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર લાદવામાં આવેલા પ્રતિબંધ પર પુનર્વિચાર કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી છે. જોકે, આ દરમિયાન હનિયાની બીજી એક પોસ્ટ સામે આવી છે, જેમાં તે કહે છે કે તેણે આવું કોઈ નિવેદન આપ્યું નથી.વાત એમ હતી કે, હાનિયા આમિરના એક ચાહકે x પર એક સ્ક્રીનશોટ શેર કર્યો છે. આ પોસ્ટમાં, હાનિયા આમિરની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દેખાય છે, જેમાં લખ્યું છે કે 'મારા નામે સોશિયલ મીડિયા પર એક નિવેદન વાયરલ થઈ રહ્યું છે. હું સ્પષ્ટ કરવા માગું છું કે મારા દ્વારા આવું કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી અને ન તો હું તેમાં કહેવામાં આવેલી કોઈપણ વાતને સમર્થન આપું છું કે ન તો તેની સાથે સહમત છું. આ સંપૂર્ણપણે બનાવટી છે.'આ સમયે પરિસ્થિતિ ખૂબ જ સંવેદનશીલ છે. તાજેતરની ઘટનામાં માર્યા ગયેલા



નિર્દોષ લોકો અને તેનાથી પીડિત પરિવારો પ્રત્યે મારું હૃદય દુઃખી છે. આવી પીડા વાસ્તવિક છે અને તેને રાજકારણ નહીં, પણ સહાનુભૂતિની જરૂર છે. આવા સમયે, આપણી લાગણીઓ આપણા નિર્ણયને ધૂંધળા બનાવી શકે છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે કેટલાક લોકોના ખોટા કાર્યો આખા દેશ કે તેના લોકોને દોષ આપવાનું કારણ નથી. પુરાવા વિના કોઈ પર આરોપ લગાવવાથી ફક્ત અંતર વધે છે.'મારા પ્રિય સમર્થકો, તમારો પ્રેમ મારા માટે બધું જ છે. હું તમને બધાને વિનંતી કરું છું કે કૃપા કરીને કોઈપણ માહિતી શેર કરતા પહેલા તેની ચકાસણી કરો, અને આ મુશ્કેલ સમયમાં દયા અને સ્પષ્ટતા સાથે આગળ વધો.' જોકે, હવે એ ખબર નથી કે આ પોસ્ટ હનિયાએ લખી છે કે નહીં. દિવ્ય ભાસ્કર આની પુષ્ટિ કરતું નથી.હનિયાની આ પોસ્ટ વાયરલ થઈનોંધનીય છે કે, હાનિયા આમિરની કથિત ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું કે, 'કાશ્મીરમાં જનરલ અસીમ મુનીરની કાર્યવાહીને કારણે, ભારતમાં સમગ્ર પાકિસ્તાની મનોરંજન ઉદ્યોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે.' હું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફરી એકવાર પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરું છું.'

# રોહિતે રાણાનો કેચ ડ્રોપ કર્યો, રાજસ્થાન પિંક જર્સી સાથે મેચ રમવા ઉતરી; સૂર્યા 11 મેચમાં 25+ સ્કોર કરનાર પહેલો બેટર બન્યો

મુંબઈ ઈન્ડિયન્સે IPL 2025માં સતત છઠ્ઠી જીત મેળવી છે. ટીમે રાજસ્થાન રોયલ્સને 100 રનના મોટા માર્જિનથી હરાવ્યું. આ જીત સાથે, મુંબઈ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું, જ્યારે રાજસ્થાન પ્લેઓફની દોડમાંથી બહાર ફેંકાઈ ગયું.ગુરુવારે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ઘણી રસપ્રદ મોમેન્ટ્સ જોવા મળી. આમાં, ધ્રુવ જુરેલનો 79 મીટર લાંબો છગ્ગો આકર્ષણનું કેન્દ્ર રહ્યો કારણ કે બોલ ફોટોગ્રાફરો વચ્ચે ગયો અને ખોવાઈ ગયો. જેના કારણે મેચ થોડા સમય માટે રોકવી પડી હતી. મેચમાં રોહિત શર્મા, મહિષ તીક્ષ્ણા અને નીતિશ રાણાએ કેચ છોડ્યા હતા. જ્યારે જસપ્રીત બુમરાહે જોફ્રા આર્ચરનો શાનદાર કેચ પકડ્યો.મેચની બેસ્ટ મોમેન્ટ્સ, રસપ્રદ ફેક્ટ્સ અને રેકોર્ડ્સ1. રાજસ્થાન પિંક પ્રોમિસ ડે પર ગુલાબી જર્સી પહેરીને મેદાનમાં ઉતર્યું રાજસ્થાન રોયલ્સ 'પિંક પ્રોમિસ' દિવસે ગુલાબી જર્સી પહેરીને રમવા માટે ઉતર્યું હતું. ટીમે મહિલાઓના વિકાસ અને વૃદ્ધિ માટે આ ગુલાબી જર્સી પહેરી હતી. ગયા વર્ષે પણ RR એ ગુલાબી જર્સીમાં મેચ રમી હતી.મહિલાઓને ટેકો આપવા માટે, રાજસ્થાનની ટીમ ગુલાબી જર્સીમાં ઉતરી છે.મહિલાઓને ટેકો આપવા માટે, રાજસ્થાનની ટીમ ગુલાબી જર્સીમાં ઉતરી છે.2. રોહિતે DRS લઈને પોતાને આઉટ થતા બચાવ્યો બીજી ઓવરના છેલ્લા બોલ પર રિવ્યૂ લઈને રોહિત શર્માને LBW આઉટ થવાથી બચાવી લીધો. ફઝલહક ફારૂકીએ મિડલ અને લેગ સ્ટમ્પની લાઈન પર ધીમી લેન્થ બોલિંગ કરી. અહીં રોહિત શોટ રમવા માટે ખૂબ વહેલો આગળ વધ્યો અને બોલ તેના પાછળના પગ પર અડ્યો. પહેલી નજરે બોલ સીધો લાગ્યો અને અમ્પાયરે આઉટ જાહેર કરવા માટે આંગળી ઉંચી કરી.નોન-સ્ટ્રાઈક



એન્ડ પર ઉભેલા રાયન રિકેલ્ટન સાથે વાત કર્યા પછી રોહિતે આખરે રિવ્યુ લીધો. DRS ટાઈમર ખતમ થવાનો હતો. બોલ-ટ્રેકર બતાવે છે કે બોલ લેગ સ્ટમ્પની બહાર થયો હતો. બાદમાં અમ્પાયર પોતાનો નિર્ણય બદલી નાખ્યો અને રોહિતને નોટ આઉટ જાહેર કર્યો. આ સમયે તે 7 રન પર બેટિંગ કરી રહ્યો હતો.રિપ્લેમાં જોવા મળ્યું કે ફારૂકીનો બોલ લેગ સ્ટમ્પની બહાર પિચ કરી રહ્યો હતો.રિપ્લેમાં જોવા મળ્યું કે ફારૂકીનો બોલ લેગ સ્ટમ્પની બહાર પિચ કરી રહ્યો હતો.3. રોહિત-રિકેલ્ટને બાઉન્ડ્રી સાથે ફિફ્ટી પૂર્ણ કરી મુંબઈના ઓપનર્સ રોહિત શર્મા અને રાયન રિકેલ્ટને બાઉન્ડ્રી સાથે પોતાની અડધી સદી પૂર્ણ કરી. બંને વચ્ચે સદીની ભાગીદારી થઈ.રાયન રિકેલ્ટનની સિક્સરથી ફિફ્ટી રાયન રિકેલ્ટને 9મી ઓવરમાં પોતાનો ફિફ્ટી પૂરી કરી. તેણે કુમાર કાર્તિકેયના 5મા બોલ પર સિક્સર ફટકારીને પોતાની અડધી સદી પૂર્ણ કરી. આ સિઝનમાં રિકેલ્ટનની આ ત્રીજી અડધી સદી છે. તેણે સતત બીજી મેચમાં અડધી સદી ફટકારી છે.રાયન રિકેલ્ટન પોતાની ફિફ્ટી પૂર્ણ કર્યા પછી.રાયન રિકેલ્ટન પોતાની ફિફ્ટી પૂર્ણ કર્યા પછી.રોહિત શર્માએ ચોગ્ગા સાથે અડધી સદી ફટકારી રોહિત શર્માએ 12મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. તેણે મહેશ તીકશનાના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો અને પોતાની અડધી સદી પૂર્ણ કરી. એ જ ઓવરના 5મા બોલ પર, મહિષ થીકશનાએ રાયન રિકેલ્ટનને બોલ્ડ કર્યો અને સદીની ભાગીદારી તોડી. રિકેલ્ટને 61 રન બનાવ્યા.રોહિત શર્મા ફિફ્ટી ફટકાર્યા પછી.રોહિત શર્મા ફિફ્ટી ફટકાર્યા પછી.4. હાર્દિક પંડ્યાનો કેચ તીક્ષણા ચૂકી ગયો 16મી ઓવરમાં હાર્દિક પંડ્યાને જીવનદાન મળ્યું. મહિષ તીક્ષણા પોતાના જ બોલ પર પંડ્યાનો કેચ ચૂકી ગયો. તીક્ષણાએ ઓવરનો પહેલો બોલ સામે ફેંક્યો, હાર્દિકે ઝડપી શોટ રમ્યો. તીક્ષણાએ બોલ પકડવાનો પ્રયાસ કર્યો પણ બોલ તેના હાથે વાગ્યો અને ફોર ફટકારી ગયો. આ સમયે હાર્દિક 10 રન પર બેટિંગ કરી રહ્યો હતો.5. નીતીશે સૂર્યાનો કેચ છોડ્યો 17મી ઓવરમાં સૂર્યકુમાર યાદવનો કેચ થર્ડ મેન તરફ છોડવામાં આવ્યો. જોફ્રાએ લેન્થના શોર્ટ ઓવરનો બીજો બોલ ફેંક્યો. સૂર્યકુમાર યાદવે ધીમો શોટ રમ્યો, બોલ હવામાં થર્ડ મેન પર ઉભેલા નીતિશ રાણા પાસે ગયો. તેણે ડાબી બાજુ ડાઈવ કરી પણ કેચ પકડી શક્યો નહીં.6. રોહિત શર્મા નીતિશ રાણાનો કેચ ચૂકી ગયો ત્રીજી ઓવરમાં રોહિત શર્માએ નીતિશ રાણાનો કેચ છોડી દીધો. દીપક ચહરના ઓવરનો પાંચમો બોલ નીતિશના બેટની બહારની ધારને અડીને પહેલી સ્લિપમાં ગયો, પરંતુ રોહિત તેને પકડી શક્યો નહીં.રોહિત શર્માએ પહેલી સ્લિપમાં નીતિશ રાણાનો કેચ છોડી દીધો.રોહિત શર્માએ પહેલી સ્લિપમાં નીતિશ રાણાનો કેચ છોડી દીધો.7. જુરેલે 79 મીટર છગ્ગો ફટકાર્યો, બોલ ખોવાઈ ગયો રાજસ્થાનની ઈનિંગની 9મી ઓવરમાં, ધ્રુવ જુરેલે કર્ણ શર્માની બોલિંગમાં 79 મીટરનો છગ્ગો ફટકાર્યો. જુરેલે કવર ઉપર ઓફ સ્ટમ્પની બહાર એક ફુલ લેન્થ બોલ રમ્યો, જે ફોટોગ્રાફરોમાં સીમાની બહાર ગયો. બોલ ન મળવાને કારણે રમત થોડીવાર માટે રોકવી પડી. એ જ ઓવરના છેલ્લા બોલ પર, કર્ણ શર્માએ ધ્રુવ જુરેલને કેચ અને બોલ્ડ કરીને સ્કોર બરાબરી કરી.જુરેલનો સિક્સર બોલ ચૂકી ગયો, તે પહેલાં કર્ણ શર્માએ તેને તે જ ઓવરમાં આઉટ કર્યો.

# RR ને 100 રનથી હરાવ્યું; રાજસ્થાન IPLની પ્લેઑફ રેસમાંથી બહાર



રાજસ્થાન રોયલ્સ IPLની વર્તમાન સીઝનની પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. ટીમને મુંબઈ ઈન્ડિયન્સે 100 રનના મોટા અંતરથી હરાવી. આ મુંબઈની સતત છઠ્ઠી જીત છે. આ જીતની મદદથી મુંબઈની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર આવી ગઈ છે.જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાને ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. મુંબઈએ 20 ઓવરમાં બે વિકેટે 217 રન બનાવ્યા. 218 રનનો ટાર્ગેટ ચેઝ કરતી રાજસ્થાનની ટીમ 16.1 ઓવરમાં 117 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ટ્રેન્ટ બોલ્ટ અને કર્ણ શર્માએ 3-3 વિકેટ ઝડપી. જસપ્રીત બુમરાહને 2-2 વિકેટ મળી. રાજસ્થાનનો કોઈ પણ બેટર 30 રનનો આંકડો પાર ન કરી શક્યો.મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવ અને કેપ્ટન હાર્દિક પંડ્યાએ 48-48 રન બનાવીને અણનમ રહ્યા. બંનેએ 94 રનની અણનમ ભાગીદારી કરી. ઓપનર રેયાન રિકેલ્ટનએ 61 રન અને રોહિત શર્માએ 53 રનની અડધી સદીની ઈનિંગ્સ રમી. RR માટે રિયાન પરાગ અને મહિશ થિક્સાનાને એક-એક વિકેટ મળી.અપડેટ્સ11:15 PM1 મે 2025રાજસ્થાન 117 રનમાં ઓલઆઉટ, મુંબઈ 100 રનથી જીત્યું17મી ઓવર નાખી રહેલા ટ્રેન્ટ બોલ્ટે પ્રથમ બોલ પર જોફ્રા આર્ચર (30 રન)ની વિકેટ લીધી. આ સાથે મુંબઈએ મેચ 100 રનથી જીતી લીધી છે અને રાજસ્થાન પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ.10:49 PM1 મે 2025કર્ણ શર્માને ઓવરમાં બે વિકેટ, થિક્સાના-કાર્તિકેય આઉટ12મી ઓવરના પહેલા બોલ પર રાજસ્થાને આઠમી વિકેટ ગુમાવી. અહીં મહિશ થિક્સાના 2 રન બનાવીને આઉટ થયો. તેને કર્ણ શર્માએ સૂર્યકુમાર યાદવના હાથે કેચ કરાવ્યો.ઓવરના પાંચમા બોલ પર કર્ણ શર્માએ કુમાર કાર્તિકેયને દીપક ચહરના હાથે કેચ કરાવ્યો.10:41 PM1 મે 2025ધ્રુવ જુરેલ 11 રન બનાવીને આઉટ, કર્ણ શર્માને વિકેટનવમી ઓવરમાં રાજસ્થાને સાતમી વિકેટ ગુમાવી. અહીં ધ્રુવ જુરેલ 11 રન બનાવીને આઉટ થયો. તેને કર્ણ શર્માએ કૉટ એન્ડ બોલ્ડ કર્યો.10:22 PM1 મે 2025પંડ્યાને પહેલી બોલ પર વિકેટ, શુભમ દુબે આઉટઆઠમી ઓવર ફેંકી રહેલા હાર્દિક પંડ્યાએ પહેલી બોલ પર વિકેટ મેળવી. તેણે શુભમ દુબેને ટ્રેન્ટ બોલ્ટના હાથે કેચ કરાવ્યો. દુબેએ માત્ર 15 રન જ બનાવ્યા.10:14 PM1 મે 2025રાજસ્થાને પાવરપ્લેમાં 5 વિકેટ ગુમાવી, 62 રન બન્યા218 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી રાજસ્થાનની શરૂઆત ખરાબ રહી છે. ટીમે શરૂઆતના 6 ઓવરમાં 62 રન બનાવવામાં 5 વિકેટ ગુમાવી દીધી છે. વર્તમાન સીઝનમાં આવું પહેલી વાર બન્યું છે, જ્યારે કોઈ ટીમે પાવરપ્લેની અંદર 5 વિકેટ ગુમાવી છે.10:06 PM1 મે 2025બુમરાહે બે બોલમાં બે વિકેટ લીધીપાંચમી ઓવર ફેંકી રહેલા જસપ્રીત બુમરાહે રાજસ્થાનને ચોથો ઝટકો આપ્યો. તેણે રિયાન પરાગને રોહિત શર્માના હાથે કેચ કરાવ્યો. તે પછીના બોલ પર શિમરોન હેટમાયરને આઉટ કર્યો.10:03 PM1 મે 2025નીતિશ રાણા 9 રન બનાવીને આઉટ, બોલ્ટને બીજી વિકેટરાજસ્થાને ચોથા ઓવરમાં ત્રીજી વિકેટ ગુમાવી. અહીં નીતિશ રાણા 9 રન બનાવીને આઉટ થયો. તેને ટ્રેન્ટ બોલ્ટે તિલક વર્માના હાથે કેચ કરાવ્યો.09:54 PM1 મે 2025વૈભવ પછી યશસ્વી જયસવાલ આઉટરાજસ્થાને સતત બીજા ઓવરમાં વિકેટ ગુમાવી. આ વખતે યશસ્વી જયસવાલ 13 રન બનાવીને આઉટ થયો. તેને ટ્રેન્ટ બોલ્ટે બોલ્ડ કર્યો.09:46 PM1 મે 2025રાજસ્થાનને પહેલા ઓવરમાં ઝટકો.

## દેશ - વિદેશ

# NSA પદ પરથી દૂર કર્યા; વિદેશમંત્રી માર્કો રુબિયોને કાર્યકારી NSA બનાવ્યા



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે જાહેરાત કરી કે તેઓ માઈક વોલ્ટ્ઝને નવા યુએસ સંયુક્ત રાષ્ટ્ર રાજદૂત તરીકે નિયુક્ત કરી રહ્યા છે. માઈક વોલ્ટ્ઝ હજુ પણ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હતા. આ સાથે ટ્રમ્પે વિદેશ મંત્રી માર્કો રુબિયોને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પદની જવાબદારી પણ સોંપી છે.સીએનએનના અહેવાલ મુજબ, માઈક વોલ્ટ્ઝ ટૂંક સમયમાં પોતાનું પદ છોડવાના હતા. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી આ પહેલો મોટો ફેરફાર છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે વોલ્ટ્ઝને આ અઠવાડિયાની શરૂઆતમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે તેમનો સમય પૂરો થઈ ગયો છે.ગુપ્ત લશ્કરી આયોજનની ચર્ચા કરતા ચેટ ગ્રુપમાં ભૂલથી એક પત્રકાર ઉમેરાયો ત્યારે વોલ્ટ્ઝને ટીકાનો સામનો કરવો પડ્યો. આ એક મોટી રાજકીય ભૂલ હતી અને એવું માનવામાં આવે છે કે યુએન પોસ્ટ પર તેમની પુષ્ટિ દરમિયાન આ મુદ્દો ઉભરી શકે છે.ફ્લોરિડા કોંગ્રેસના ભૂતપૂર્વ સભ્ય વોલ્ટ્ઝ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન વ્હાઈટ હાઉસ છોડનારા પ્રથમ વરિષ્ઠ અધિકારી છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ચાર NSAને બદલી નાખ્યા. પ્રથમ સલાહકાર જનરલ મેકમાસ્ટર ફક્ત 22 દિવસ માટે જ આ પદ પર રહી શક્યા.ઓવલ ઓફિસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ઉભા રહેલા માઈક વોલ્ટ્ઝ.ઓવલ ઓફિસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ઉભા રહેલા માઈક વોલ્ટ્ઝ.હુથી બળવાખોરો પર હુમલો કરવાની યોજના લીક થતાં હોબાળો મચી ગયો15 માર્ચે, સંરક્ષણ સચિવ પીટ હેગસેથે હુમલાના બે કલાક પહેલા સિગ્નલ એપ પર એક ગુપ્ત ગ્રુપ ચેટમાં યમનમાં હુથી બળવાખોરો પર હુમલો કરવાની યોજના શેર કરી હતી. આ ગ્રુપ માઈક વોલ્ટ્ઝ દ્વારા બનાવવામાં આવ્યું હતું. એટલાન્ટિક મેગેઝિનના મુખ્ય સંપાદક જેફરી ગોલ્ડબર્ગ પણ તેમાં સામેલ હતા. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને વિદેશ સચિવ માર્કો રુબિયો પણ હાજર હતા.

જેફરી ગોલ્ડબર્ગે કહ્યું કે તેમને ભૂલથી આ ગ્રુપ ચેટમાં ઉમેરવામાં આવ્યા હતા. આ ગ્રુપ સુરક્ષિત મેસેજિંગ એપ સિગ્નલ પર બનાવવામાં આવ્યું હતું. જે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝ દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ જૂથમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને વિદેશ પ્રધાન માર્કો રુબિયોનો પણ સમાવેશ થતો હતો.ગોલ્ડબર્ગે લખ્યું કે, 15 માર્ચે સવારે 11:44 વાગ્યે, હેગસેથે યમન પરના હુમલાઓ વિશે માહિતી શેર કરી. લક્ષ્યો અને ઉપયોગમાં લેવાતા શસ્ત્રો ઉપરાંત, તેમાં કયો હુમલો, ક્યારે અને ક્યાં કરવાનો હતો તેની પણ માહિતી હતી.એટલાન્ટિક મેગેઝિને ગોલ્ડબર્ગને ચેટ ગ્રુપમાં ઉમેરવાનો સ્ક્રીનશોટ શેર કર્યો.એટલાન્ટિક મેગેઝિને ગોલ્ડબર્ગને ચેટ ગ્રુપમાં ઉમેરવાનો સ્ક્રીનશોટ શેર કર્યો.ભારત તરફી માનવામાં આવે છે માઈક વોલ્ટ્ઝમાઈક વોલ્ટ્ઝને ચીન-ઈરાન વિરોધી અને ભારત તરફી માનવામાં આવે છે.

તેમણે ચીન પર અમેરિકાની નિર્ભરતા ઘટાડવાના હેતુથી અનેક બિલોને સમર્થન આપ્યું છે.વોલ્ટ્ઝ યુએસ આર્મીના સ્પેશિયલ યુનિટ ફોર્સમાં 'ગ્રીન બેરેટ કમાન્ડો' રહ્યા છે અને તેમણે તાલિબાન સાથે અફઘાનિસ્તાનમાં પણ લડાઈ લડી છે. તેમણે અફઘાનિસ્તાનમાંથી બાઈડન સરકારના લશ્કરી ઉપાડનો સખત વિરોધ કર્યો હતો. તેમણે મધ્ય પૂર્વ અને આફ્રિકામાં પણ સેવા આપી છે.વોલ્ટ્ઝ જેની સાથે સંકળાયેલ છે તે ઈન્ડિયા કોકસ શું છે?ઈન્ડિયા કોકસ એ યુએસ કાયદા ઘડનારાઓનું એક જૂથ છે જે ભારત-યુએસ સંબંધોને મજબૂત બનાવવા માટે કામ કરે છે. તે 2004માં તત્કાલીન ન્યૂ યોર્ક સેનેટર હિલેરી ક્લિન્ટન (ડેમોક્રેટ્સ) અને સેક્રેટરી ઓફ સ્ટેટ જોન કોર્નિન (રિપબ્લિકન) દ્વારા બનાવવામાં આવ્યું હતું.

# હવે બલૂચિસ્તાન જવાનો ડર, મોદીના એ શબ્દો ને આસામના CMનું સૂચક ટ્વીટ, ભારતની બાજીનાં પાનાં ખૂલ્યાં?

પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી અને પીપલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટોએ આતંકવાદને ઉછેરવાની કબૂલાત કરી છે.એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા બિલાવલે સ્વીકાર્યું કે પાકિસ્તાને પશ્ચિમી દેશો સાથે મળીને આતંકવાદી સંગઠનોને પ્રોત્સાહન આપ્યું છે.બિલાવલે કહ્યું,QuoteImage આ પાકિસ્તાનનો ઈતિહાસ છે અને તે કોઈથી છુપાયેલ નથી. આના કારણે પાકિસ્તાનને પણ નુકસાન થયું છે અને અમે આ સમસ્યાનો સામનો કરવા માટે સુધારા કર્યા છે.QuoteImageબિલાવલનું આ નિવેદન પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફના નિવેદન પછી આવ્યું છે. બિલાવલ પહેલા આસિફે પણ આતંકવાદને પ્રોત્સાહન આપવાની કબૂલાત કરી છે.આસિફે કહ્યું હતું- આતંકવાદીઓને ટેકો આપવો એ મોટી ભૂલ છેપાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને ગયા અઠવાડિયે એક નિવેદનમાં કહ્યું હતું કે તેમનો દેશ છેલ્લા 30 વર્ષથી આતંકવાદીઓને ટેકો અને તાલીમ આપી રહ્યો છે. તેમણે કહ્યું કે તેઓ અમેરિકા અને



પશ્ચિમી દેશો માટે આ 'ગંદા કામ' કરી રહ્યા છે.ખ્વાજા આસિફે બ્રિટિશ અખબાર ધ સ્કાયને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. બ્રિટિશ એન્કર યાલ્દા હાકિમે તેમને પૂછ્યું હતું કે શું પાકિસ્તાન આતંકવાદી જૂથોની પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે? આ અંગે તેમણે કહ્યું હતું કે વિશ્વની મોટી શક્તિઓએ પાકિસ્તાનનો ઉપયોગ પોતાના ફાયદા માટે કર્યો છે.તેમણે સ્વીકાર્યું કે જો અમે સોવિયેત યુનિયન સામેના યુદ્ધમાં જોડાયા ન હોત અને 9/11ના હુમલા પછી જે પરિસ્થિતિઓ ઊભી થઈ તે ઊભી ન થઈ હોત, તો પાકિસ્તાનનો રેકોર્ડ દોષરહિત હોત.ખ્વાજા આસિફે પણ સ્વીકાર્યું હતું કે આતંકવાદીઓને ટેકો આપવો કે તાલીમ આપવી એ એક મોટી ભૂલ હતી. અમે આની સજા ભોગવી રહ્યા છીએ.

ખ્વાજા આસિફે પણ સ્વીકાર્યું હતું કે આતંકવાદીઓને ટેકો આપવો કે તાલીમ આપવી એ એક મોટી ભૂલ હતી. અમે આની સજા ભોગવી રહ્યા છીએ.સિંધુ કરાર રદ કરવા અંગે બિલાવલનું વિવાદાસ્પદ નિવેદનગુરુવારે બિલાવલે ફરી એકવાર સિંધમાં લોહી વહેવડાવવાની ધમકી આપી હતી. એક રેલીને સંબોધતા બિલાવલે કહ્યું કે અમે યુદ્ધ નથી ઈચ્છતા, પરંતુ જો તેઓ સિંધુ પર હુમલો કરશે તો કાં તો પાણી વહેશે અથવા લોહી.બિલાવલે ગયા અઠવાડિયે શુક્રવારે એક રેલીમાં કહ્યું હતું કે સિંધુમાં પાણી અથવા તેમનું લોહી વહેશે.હકીકતમાં, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે મોટી કાર્યવાહી કરી છે અને પાકિસ્તાન સાથે સિંધુ જળ કરાર અટકાવી દીધ છે. પાકિસ્તાને આ નિર્ણયનો વિરોધ કર્યો છે અને ભારતના આ પગલાને એકપક્ષીય ગણાવ્યું છે.બિલાવલે કહ્યું કે મોદીએ સિંધુ પર હુમલો કર્યો છે.બિલાવલે કહ્યું કે મોદીએ સિંધુ પર હુમલો કર્યો છે.પાકિસ્તાની મંત્રીઓ અને અધિકારીઓ આપી રહ્યા છે સતત વિવાદાસ્પદ નિવેદનોપહેલગામ હુમલા અંગે ભારતે પાકિસ્તાન સાથે સિંધુ જળ કરાર સમાપ્ત કર્યા પછી, પાકિસ્તાની મંત્રીઓ અને અધિકારીઓ સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યા છે. ગયા અઠવાડિયામાં પાકિસ્તાન દ્વારા આપવામાં આવેલા કેટલાક વિવાદાસ્પદ

નિવેદનો...પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરમુનીરે શનિવાર 26 એપ્રિલના રોજ દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત પર નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે મુસ્લિમો અને હિન્દુઓ બે અલગ અલગ રાષ્ટ્રો છે. મુનીર ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતના કાકુલ વિસ્તારમાં પાકિસ્તાન મિલિટરી એકેડેમી (PMA) ખાતે કેડેટ્સની પાસિંગ આઉટ પરેડને સંબોધિત કરી રહ્યા હતા.તેમણે કહ્યું કે મુસ્લિમો જીવનના તમામ પાસાઓ ધર્મ, રિવાજો, પરંપરા અને વિચારસરણીમાં હિન્દુઓથી અલગ છે. આપણા પૂર્વજોએ પાકિસ્તાન બનાવવા માટે ઘણું બલિદાન આપ્યું છે.

આપણે જાણીએ છીએ કે તેનું રક્ષણ કેવી રીતે કરવું.પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફશહબાઝ શરીફે 26 એપ્રિલ, શનિવારના રોજ પાકિસ્તાન મિલિટરી એકેડેમીમાં પરેડને સંબોધિત કરતા કહ્યું હતું કે પહેલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવીને તેને બદનામ કરવામાં આવી રહ્યું છે.અગાઉ પણ પાકિસ્તાન પર આવા હુમલાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ સંપૂર્ણપણે બંધ થવું જોઈએ. એક જવાબદાર દેશ તરીકે પાકિસ્તાન કોઈપણ નિષ્પક્ષ અને પારદર્શક તપાસમાં ભાગ લેવા તૈયાર છે.

# ઉત્તર-પૂર્વમાં શસ્ત્રોનો પુરવઠો વધારવાનો પ્રયાસ; પાકિસ્તાની હાઈ કમિશનરે બે ગુપ્ત બેઠકો યોજી

પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI બાંગ્લાદેશમાં સક્રિય થઈ ગઈ છે. ઢાકામાં પાકિસ્તાન હાઈ કમિશનમાં ISI એજન્ટો ભારત વિરુદ્ધ આતંકવાદી કાવતરાં ઘડી રહ્યા છે.બાંગ્લાદેશમાં પાકિસ્તાનના હાઈ કમિશનર સૈયદ અહેમદ મારુફે કટ્ટરપંથી જમાત, હેફાઝત અને ખિલાફત મજલિસ સાથે બે વાર ગુપ્ત બેઠકો યોજી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ISIનો ઈરાદો ભારતના ઉત્તર-પૂર્વ રાજ્યોમાં અલગતાવાદીઓને શસ્ત્રોનો પુરવઠો વધારવાનો




અને તેમને ઘૂસણખોરી માટે ઉશ્કેરવાનો છે.બીજી તરફ, પાકિસ્તાને સાતમા દિવસે પણ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો. ભારતીય સેનાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે તેણે કુપવાડા, અખનૂર અને ઉરી સેક્ટરમાં પાકિસ્તાની ગોળીબારનો યોગ્ય જવાબ આપ્યો.ભારતે ગુરુવારે અટારી-વાઘા સરહદ સંપૂર્ણપણે બંધ કરી દીધી હતી. છેલ્લા 7 દિવસમાં, 911 પાકિસ્તાની નાગરિકોને ભારતમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે.પૂર્વ આર્મી ચીફે કહ્યું- પાકિસ્તાન પાસે ન તો પૈસા છે કે ન તો દારૂગોળોભારતીય સેનાના ભૂતપૂર્વ વડા.

# સુરતમાં પુણા પોલીસે 4 કિલો ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડયા



સુરત પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન અંતર્ગત પુણા પોલીસે ગાંજાના જથ્થા સાથે બે ઈસમ અને ઝડપી પાડ્યાપુણા વિસ્તારમાં આવેલ લેન્ડમાર્ક પાસેથી ચાર કિલો ગાંજા ના જથ્થા સાથે બે ઈસમો ને પૂણા પોલીસે પકડી પાડયા હતા ત્યારે બાદ પુછપરછ કરતા આરોપી ભગવાન મહેણા આરોપી સનિયા સ્વાઈન બંને આરોપીઓ પાસેથી કુલ 4 કિલો ગાંજો મળી આવ્યો હતો 4 કિલો ગાંજાના જથ્થા સાથે બેય આરોપીની પુણા પોલીસે અટકાયત કરી હતી અને વધું તપાસ હાથ ધરવામાં આવી સંવાદદાતા વિજય મકવાણા સુરત

# ભારતીય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ દ્વારા ખાન-પાનમાં સુધારો કરી મેદસ્વિતાને દૂર કરીએ

આધુનિક સમયમાં મેદસ્વિતા એક ગંભીર સમસ્યા બની ગઈ છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. વધારે વજનને કારણે શરીરમાં અનેક સમસ્યા થવા લાગે છે, અને શરીર બીમારીઓનું ઘર બની જાય છે. તેવામાં મેદસ્વિતા દૂર કરવી જરૂરી છે. હવે રાજ્ય સરકારે આ માટે 'મેદસ્વિતામુક્ત ગુજરાત' નામે એક ખાસ અભિયાન શરૂ કર્યું છે. ત્યારે ચાલો જાણીએ આપણી પરંપરાગત ભારતીય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ દ્વારા મેદસ્વિતા સામે કેવી રીતે લડી શકાય. સુરત જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી મિલન દશોંદી જણાવે છે કે, આયુર્વેદ એ અથર્વવેદનો ઉપવેદ છે. આ ભારતીય ચિકિત્સા વિજ્ઞાન એ આધુનિક ચિકિત્સા વિજ્ઞાનનો મૂળ પાયો પણ છે. આયુર્વેદનો મૂળ હેતુ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ છે. એટલે કે માત્ર બિમારની બિમારી દૂર કરવી અને સાથોસાથ સ્વસ્થ વ્યક્તિ હંમેશા તંદુરસ્ત જ રહે તે આયુર્વેદનો મુખ્ય ધ્યેય છે. વર્તમાન સમયમાં એન.સી.પી એટલે કે નોન કોમ્યુનિકેબલ ડીસીઝ એટલે ચેપ વગરની બીમારીઓ વધી રહી છે. જેમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ જેવી બીમારીઓ સામેલ છે. મેદસ્વિતાના કારણોમાં સૌથી પહેલું અને મોટું કારણ બેઠાડું જીવન અને કસરતનો અભાવ મુખ્ય છે. જેથી આ દિશામાં પગલાં લઈ રાજ્ય સરકાર જનહિતમાં સ્વાસ્થ્ય અને સુખાકારીનું એક મહત્વનું પગલું લઈ રહી છે.. વધુમાં જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી



જણાવે છે કે, વજનનો અર્થ જ 'વ' એટલે વધારે પડતું, 'જ' એટલે જમવું અને 'ન' એટલે નહીં, એટલે કે 'વધારે પડતું જમવું નહીં' એવો થાય છે.

આયુર્વેદમાં જણાવ્યા મુજબ જમવાની એક પદ્ધતિ છે, જેના દ્વારા મેદસ્વિતા ઘટાડી શકાય છે. આ પદ્ધતિ પ્રમાણે બે ભાગ અનાજ, એક ભાગ પાણી અને એક ભાગ હવા માટે રાખવો એટલે કે ૧૦ % ભૂખ્યા રહેવું, ખૂબ પેટ ભરીને ન જમવું તે હિતાવહ છે.

તેમણે ઉમેર્યું કે, તલના તેલના ઉપયોગથી મેદસ્વિતા સામે લડવામાં ઘણી મદદ મળે છે, જેનું કારણ એ છે કે, તલનું તેલ પાતળા માણસને જાડા કરવા અને જાડાને પાતળા કરી શકવા સક્ષમ છે, ઉપયોગી છે. ચરક સંહિતા સૂત્રસ્થાનમાં પણ આઠ નિંદનીય એટલે કે એબનોર્મલ મનુષ્યના વર્ણન છે. જેમાં એક અતિશય ગોરો, બીજો અતિશય કાળો, ત્રીજો અતિશય નીચો, ચોથો અતિશય ઊંચો, પાંચમો અતિશય રુંવાટીવાળો, છઠ્ઠો સાવ રુંવાટી વગરનો, સાતમો વધુ પડતો વધારે પાતળો અને આઠમો વધુ પડતો જાડો મનુષ્ય એબનોર્મલ એટલે કે નિંદનીય ગણાય છે. સ્થુળતા ઘટાડવી ખૂબ જ જરૂરી છે, જ્યારે શરીરમાં કોઈ પણ રોગ થાય ત્યારે પાતળા મનુષ્યને ઓછું નુકસાન અને ઓછી તકલીફ વેઠવી પડે છે, જ્યારે મેદસ્વી વ્યક્તિએ કોઈપણ બીમારીમાં અન્ય કરતાં વધારે હેરાન થવું પડે છે, અને કોઈપણ બીમારીનો ઈલાજ સહેલાઈથી થઈ શકતો નથી. સ્થુળતાની સીધી અસર અસ્થિ એટલે કે હાડકા પર થાય છે, જેમ સ્થૂળતા વધે તેમ હાડકા નબળા પડે છે, અને શરીર રોગોનું ઘર બનતું જાય છે. માટે સરકારના આ અભિયાનમાં જોડાઈ સ્થૂળતા સામે લડવા પણ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો.સંવાદદાતા વિજય મકવાણા સુરત

# શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી અમરેલીમાંથી લોન લઈ હપ્તા ન ભરનાર આરોપી ને સજા કરતી અમરેલી કોર્ટ.

અમરેલી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી માંથી લોન લઈ હપ્તા ન ભરનાર આરોપીને અમરેલીના એડી. જ્યુડી. મેજી. જજ સાહેબે આરોપીને એક વર્ષ ની સજા તથા ચેક મુજબ ની રકમ ફરિયાદી મંડળીને ચૂકવવાનો આદેશ કરતા મંડળીમાંથી લોન લઈ નાણાં ન ભરનારાઓ માં ફડફડાટ ફેલાયો છે.આ કેસની વિગતો એવા પ્રકારની છે કે અમરેલી રહેતા પ્રદીપભાઈ અશોકભાઈ ભાલુ એ અમરેલી સારથી નાગરિક શરાફી સહકારી મંડળીમાંથી રૂ.1,00,000/- પુરા ની લોન લીધેલ ત્યારબાદ આરોપી મંડળીમાં લોન લઈ હપ્તા ન



ભરતા હોય જેથી મંડળી દ્વારા આરોપીને જાણ કરેલ જેથી આ આરોપી મંડળીની કચેરીમાં આવી મંડળીને રૂ.95,945/- પુરા નો ચેક આપી અને પોતાની લોન પેટે ની હપ્તાની રકમ પૂર્ણ કરવા જણાવ્યું.બાદમાં મંડળી તરફથી ચેક બેંકમાં જમા કરાવતા તે અપૂરતા બેલેન્સના સાથે પરત આવેલ, જે બાદમાં મંડળીના એડવોકેટ દ્વારા આરોપીને લીગલ નોટિસ મોકલવામાં આવેલ તેનો જવાબ લોન બાકીદાર પ્રદીપભાઈ અશોકભાઈ ભાલુ તરફથી ન મળતા અંતે મંડળી દ્વારા નામદાર કોર્ટ અમરેલીમાં ફરિયાદ દાખલ કરી હતી મંડળી તરફથી એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા તથા અશોકભાઈ બી.વાળાએ જરૂરી આધાર પુરાવા અને ધારદાર દલીલો કરી હતી જે ગ્રાહ્ય રાખી અને નામદાર કોર્ટ ચુકાદો .આપતા આરોપીને એક વર્ષની સજા તથા ચેક મુજબ રકમ ફરિયાદી મંડળીને ચૂકવવાનો આદેશ કરેલ છેઅહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ દરમિયાન નવા સમાવેશ થયેલા ગામોને શહેર સાથે જોડતા માર્ગોના વિકાસ માટે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ દરમિયાન નવા સમાવેશ થયેલા ગ્રામ્ય વિસ્તારોને શહેર સાથે અસરકારક રીતે જોડવા તેમજ માર્ગ વ્યવસ્થા, યાતાયાતને વધુ સુગમ અને સરળ બનાવવા માટે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સુરત મનપા અને શહેર વિકાસ વિભાગના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં BPMC એક્ટ હેઠળની કલમ ૨૧૦ અનુસાર લાઈન દોરીમાં આવતા વરાછા ઝોન- એ ના પરવત પાટિયા કેનાલથી સણિયાથી કડોદરા મેઈન રોડ,વરાછા ઝોન-બી ના મોટા વરાછાથી અબ્રામાથી વેલંજા રોડ, મોટા વરાછાથી દુઃખીયાના દરબારવાળો ગોથાણ સુધીનો રોડ, અબ્રામાથી વેલંજા રોડ, અબ્રામાથી ભરથાણા રોડ, સરથાણાથી પાસોદરાથી વાવ રોડ, સરથાણાથી ગઢપુરથી હાઈ વે તરફનો રોડ, લસકાણાથી પાસોદરા રોડ, લસકાણાથી ખોલવડ રોડ પર જમીનમાલિકોની મિલકતોમાંથી કાયદેસરની પ્રક્રિયા દ્વારા કબજો મેળવી જરૂરી માર્ગોનું નિર્માણ કરવામાં આવે તે અંગે શિક્ષણ રાજ્યમંત્રી અને કામરેજ ધારાસભ્યશ્રી પ્રફુલ પાનશેરીયાએ અધિકારીઓ સાથે ઝીણવટભરી ચર્ચાવિચારણા કરી હતી. મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શહેરી વિસ્તારની વધતી વસ્તીને ધ્યાને



લઈને લોકોને વધુમાં વધુ સુવિધાઓ મળી રહે તે માટે શહેરી વિસ્તારનું વિસ્તરણ કરીને વધુ ગામોને સુદ્રઢ કનેક્ટિવિટી સાથે જોડવામાં આવ્યા છે, ત્યારે મહાનગરપાલિકા તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓને વિકાસના કામોમાં વિલંબ ન કરવા અને અને જનહિતમાં જરૂરી તમામ પગલાંઓમ લઈને વિકાસકામોને ઝડપથી પૂર્ણ કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી.

શહેરના વિસ્તરણ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સુનિયોજન પણ યોગ્ય અને ઝડપભેર થવું જોઈએ એ વિષય પર પણ તેમણે ભાર મુક્યો હતો. શ્રી પાનશેરીયાએ ઉમેર્યું કે, શહેરના વિસ્તરણની દિશામાં ઉદાહરણરૂપ આયોજન અને કાર્યાન્વયન દ્વારા નવી વસાહતોને પૂરતી સુવિધા તેમજ કનેક્ટિવિટી પૂરી પાડવી એ રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. નાગરિકોના સહયોગ અને સમજદારીથી આ કામગીરી વધુ ઝડપી અને અસરકારક બનશે. શહેરોમાં પ્રાથમિક સુવિધાઓ, રોડરસ્તાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસનનું દાયિત્વ છે જ, સાથોસાથ નાગરિકોના સહયોગ, સ્થાનિક સંસ્થાઓની ભાગીદારી અને વિઝનથી ભરેલા આયોજનની ભૂમિકા પણ અપેક્ષિત હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

બેઠકમાં સુરત મનપા અને શહેર વિકાસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વિસ્તારો પ્રમાણે માર્ગ વિકાસની કામગીરીના તબક્કાવાર અહેવાલો રજૂ કરાયા હતા.

સંવાદદાતા વિજય મકવાણા સુરત

# સુરતનાં પુણા વિસ્તારમાં શિક્ષિકા અને વિધાર્થી અપહરણ કેસમાં સૌથી મોટો ખુલાસો આવ્યો સામે શિક્ષિકા 5 મહિના ની ગર્ભવતી હોવાનું સામે આવ્યું



સુરત શહેરના પૂણા વિસ્તારમાં બનેલી આ ઘટના ખૂબ જ ચોંકાવનારી અને સમાજ માટે ગંભીર વિચારણાનો વિષય છે. 23 વર્ષની શિક્ષિકા અને 13 વર્ષના વિદ્યાર્થીના કેસમાં પોલીસે શામળાજી બોર્ડર ખાતેથી ચાર દિવસ બાદ બંનેને ઝડપી પાડ્યા હતા. આ મામલે અપહરણનો ગુનો નોંધાયો હતો, અને પોલીસે POCSO (Protection of Children from Sexual Offences) એક્ટ હેઠળ પણ કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે શિક્ષિકા અને વિદ્યાર્થી છેલ્લા એક વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા, અને વિદ્યાર્થીએ પૂછપરછમાં તેમના વચ્ચે પ્રેમ સંબંધ હોવાની વાત સ્વીકારી છે.

શિક્ષિકાના મેડિકલ ચેકઅપમાં જાણવા મળ્યું કે તે 20 અઠવાડિયા અને 4 દિવસની ગર્ભવતી છે. જોકે, ગર્ભ કોનો છે–વિદ્યાર્થીનો કે અન્ય કોઈ વ્યક્તિનો–તે હજુ તપાસનો વિષય છે.પોલીસ હાલ DNA ટેસ્ટ દ્વારા ગર્ભની પિતૃત્વની ખાતરી કરવા તપાસ કરી રહી છે. આ ઉપરાંત, શિક્ષિકા અને વિદ્યાર્થીએ જે સ્થળોની મુલાકાત લીધી હતી (જેમ કે સુરત, અમદાવાદ, દિલ્હી, વૃંદાવન, જયપુર), તે સ્થળોનું પંચનામું કરવામાં આવશે.શિક્ષિકા અને વિદ્યાર્થી વચ્ચે શારીરિક સંબંધ હોવાની વાત પોલીસને સ્વીકારવામાં મુશ્કેલી પડી રહી છે, કારણ કે વિદ્યાર્થીની ઉંમર માત્ર 13 વર્ષ છે, જે કાયદેસર રીતે સંમતિ આપવા માટે અયોગ્ય છે. આ કેસમાં POCSO એક્ટની કલમો અને યૌન શોષણના આરોપો હેઠળ શિક્ષિકા સામે કડક કાર્યવાહી થઈ શકે છે.આ ઘટનાએ શિક્ષક-વિદ્યાર્થીના સંબંધોની પવિત્રતા પર સવાલ ઉભા કર્યા છે અને સમાજમાં વ્યાપક ચર્ચા જગાવી છે. પોલીસ આ મામલે ગંભીરતાથી તપાસ કરી રહી છે, અને DNA રિપોર્ટ તેમજ અન્ય પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી થશે.સંવાદદાતા વિજય મકવાણા સુરત

# સુરતમાં વરાછા વિસ્તારમાંથી ગુમ થયેલી શ્રમિક પરિવારની બાળકીને વરાછા પોલીસે બાળકીને શોધી પરિવારને સહીસલામત સોંપી

સુરતના વરાછા વિસ્તારમાં રહેતા મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની બાળકી ઘરના આગંણે રમતા-રમતા ગુમ થઈ હતી. પરિવારજનોએ શોધખોળ કરી છતા ભાળ ન મળતા પોલીસ ફરિયાદ કરી હતી. આખરે એક જાગૃત્ત મહિલા રિક્ષાચાલકની મદદથી ૫ વર્ષીય બાળકી સહીસલામત મળી આવતા પરિવારને સોંપવામાં આવી હતી. ગુમ થયેલા બાળકોના કિસ્સાઓમાં પોલીસ ચોકસાઈ અને વ્યૂહાત્મક રીતે કામ કરે છે. પોલીસે ગુમ બાળકોને શોધવા સોર્સ, ઉચ્ચ અધિકારીઓનું માર્ગદર્શન, પરસ્પર સંકલન અને હ્યુમન



નેટવર્ક તેમજ સી.સી.ટીવી કેમેરાનો ઉપયોગ કરે છે. વરાછા, પુણા, કાપોદ્રા, લસકાણા પોલીસ સ્ટેશન સહિત ક્રાઈમ બ્રાન્ચની પાંચ ટીમોએ આ બાળકીને શોધવા ૩૦૦થી વધુ સીસીટીવી કેમેરા તપાસ્યા હતા. મૂળ મધ્યપ્રદેશના વતની અને વરાછા વિસ્તારના બુટભવાની રોડ સ્થિત એમ્બ્રોઇડરીના કારખાનામાં કામ કરતા શ્રમિક પરિવારની દીકરી ઘર પાસે રમી રહી હતી.

એ અરસામાં સાંજે છ વાગ્યે અચાનક ગુમ થઈ હતી. ભારે શોધખોળ છતા ભાળ ન મળતા રાત્રે નવ વાગ્યે વરાછા પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. મળસ્કે એક જાગૃત્ત મહિલા રિક્ષાચાલકે બરોડા પ્રિસ્ટેજ પાસે મુસાફરોને ઉતારવા રિક્ષા ઊભી કરી હતી.

એ સમયે દૂર ઝાડ પાસે એકલી ઉભેલી બાળકીને જોતા તેણે બાળકીની પૂછપરછ કરી હતી અને પરિવારથી ગુમ થઈ હોવાનું જણાતા તાત્કાલિક વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને બાળકીને વરાછા પોલીસને સોંપી હતી. નાયબ પો.કમિશનર(સેક્ટર-૧)ના વબાંગ ઝમીર અને નાયબ પો.કમિશનર ભગીરથ ગઢવી અને એસીપી પી.કે.પટેલના માર્ગદર્શન હેઠળ વરાછા પો.સ્ટે., પુણા પો.સ્ટે., કાપોદ્રા પો.સ્ટે., લસકાણા પો.સ્ટે. સહિત ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ બાળકીને શોધવા જહેમત ઉઠાવી હતી. સાંજે ગુમ થયેલી બાળકીને સવાર પડે તે પહેલા હેમખેમ શોધી કાઢી પરિવારને સોંપી હતી. શ્રમિક પરિવારે પોલીસની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

સાથોસાથ જાગૃત્ત મહિલા રિક્ષાચાલકની સમયસૂચકતા બદલ સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે સાહેબ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાસંવાદદાતા વિજય મકવાણા સુરત

# અમરેલી જિલ્લામાં મદ્રેશામાં મૌલાનાનું પાકિસ્તાન કનેક્શન મળી આવ્યું



ધારી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ કરી મૌલાનાની શંકાસ્પદ ગતિવિધિ સામે પોલીસએ તપાસ શરૂ કરીધારીના હિમખીમડીપરા વિસ્તારમાં આવેલ મદ્રેશામાં શંકાસ્પદ મૌલાના અંગે તપાસનો ધમધમાટમૌલાના મોહમદફઝલ અબ્દુલઅજીજ શેખ મૂળ રહેઠાણ અંગે કોઈ પુરાવા નથીમોબાઈલ માંથી ₹પાકિસ્તાન₹ અને ₹ અફઘાનિસ્તાન₹ના સોશ્યલ મીડિયામાં ગૃપ મળી આવ્યાસ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ(S O G ) ની ટીમ દ્વારા મોબાઈલ કબ્જે લઈ તપાસ શરૂ કરી પૂછ પરછ દરમ્યાન મૌલાના અમદાવાદ શહેરના જુહાપુરાનો રહેવાસી હોવાનું જણાવ્યું કેટલા સમયથી રહેતો હતો અત્યાર સુધી અહીં કોણ કોણ આવતું હતું પાકિસ્તાન મા કોના કોના સંપર્ક હતા ?સમગ્ર તપાસ ઉપર SP સંજય ખરાત સુપરવિઝન કરી રહ્યા છેઅહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# લાઠી રોડના લોકોની સુવિધામાં વધારો : હમીરજી ગોહિલ સર્કલથી સરદાર સર્કલ સુધી સીસી રોડ અને બ્યુટિફિકેશન કામનું ખાતમુહૂર્ત કરાયું

## અમરેલી શહેરમાં પ્રવેશવાના હાર્દ સમા મુખ્ય માર્ગે એવા લાઠી રોડનું અંદાજિત 12 કરોડ રૂપિયાના ખર્ચે ખાતમુહુર્ત

## સરદાર સર્કલ સેન્ટર પોઈન્ટને કેન્દ્ર બિંદુ બનાવી, લાઠી રોડ બાયપાસ ચોકડી,રાધેશ્યામ બાયપાસ ચોકડી તેમજ ચિતલ રોડ બાયપાસ ચોકડી સહિત તમામ મુખ્ય રોડ આરસીસી થી મઢવામાં આવશે

અમરેલી શહેરના મહત્વપૂર્ણ અને વ્યસ્ત માર્ગ સમાન લાઠી રોડના હમીરજી ગોહિલ સર્કલ (બાયપાસ ચોકડી) થી લઈ સરદાર સર્કલ (સેન્ટર પોઈન્ટ) સુધીના ભાગનું વિસ્તૃત માર્ગ નવનિકરણ (વાયડનીંગ ), બ્યુટિફિકેશન તથા સીસી રોડના વિકાસ માટે આજે ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ મહત્વકાંક્ષી વિકાસ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ



મુખ્ય દંડક તથા અમરેલીના લોકલાડીલા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. સાથે સાથે અમરેલી નગરપાલિકાના પ્રમુખ, નગરસેવકો, તથા શહેર ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ખાતમુહૂર્ત સમારંભ દરમિયાન ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ શહેરના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાય અને તેમના વ્યક્તિગત પ્રયાસોથી અમરેલીમાં અમલમાં મૂકાયેલા વિવિધ વિકાસકાર્યો અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે, “લાઠી રોડ ઉપર વાયડનિંગ અને બ્યુટિફિકેશનના કામથી ન માત્ર ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે, પરંતુ સમગ્ર શહેરનું સૌંદર્ય અને આકર્ષણ પણ વધી જશે.”આ વિકાસયોજનામાં, પાવરફુલ એલઈડી લાઈટિંગ, વોકવે, વૃક્ષારોપણ અને સીસી રોડ જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આથી શહેરના નાગરિકોને સુરક્ષિત અને આરામદાયક માર્ગ વ્યવસ્થાનો લાભ મળશે.સ્થાનિક નાગરિકોમાં પણ આ વિકાસ કામના આરંભથી ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તેઓએ ધારાસભ્યએ કરવામાં આવેલા પ્રયત્નો માટે આભાર વ્યક્ત કર્યો અને સમગ્ર કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તેવી શુભકામનાઓ આપી.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

Printed, Published & owned by Dilip Nanjibhai Patel Printed at Taptilok Publication Plot No. 152/153, Shree Ram Industrial Estate, Pandesara GIDC, Opp Petrol Pumb Surat. Published at Flat No. 301, Building - A Madhav Residency, Near Angan Residency, karadva Road, Dindoli Dist Surat - 314210 Gujarat Editor Dilip Nanjibhai Patel